Chap-4

# ૪

## કેળવણીના અર્થ, ઉદ્દેશો અને યોજનાઓ અંગે ગુજરાતમાં પ્રચલિત થયેલા વિચારો

## (૧૮૨૦-૧૯૨૦)

### ૪.૧ પ્રારંભિક

પુરોવર્તી પ્રકરણમાં, ગુજરાતની પરંપરાગત જનશિક્ષણ પ્રણાલીની અધ્યેયકાલ દરમ્યાન જે અવનતિ થવા પામી હતી, એની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી. એ પ્રણાલીની ગામઠી નિશાળોને પરાભૂત કરીને નવી પધ્ધતિની ગુજરાતી-અંગ્રેજી શાળાઓ ફાલવાફૂલવા લાગી અને બ્રિટિશ શિક્ષણપ્રથાનો વિસ્તાર થતો રહ્યો, એ હકીકતનો પણ વિગતે નિર્દેશ પુરોગામી પ્રકરણમાં થઇ ગયો. આ દેશની પરંપરાગત શિક્ષણપ્રણાલીની બુનિયાદ પર નવી શિક્ષણપ્રથાની ઇમારત રચવાની વૂડના ખરીતાની ભલામણને ઉવેખીને, બ્રિટિશ શાસકોએ પોતાના દેશની શિક્ષણપ્રથાને ભારતની જનતા પર ઠોકી બેસાડી. ગામઠી શિક્ષણપ્રથાની સમીક્ષા કરતાં જોયું હતું તેમ, અગ્રેજોના શાસનના પ્રારંભકાળે લોકશિક્ષણની આ પરંપરાગત પ્રણાલી અધમ બની ચૂકી હતી. ફલત: થોડા પ્રારંભિક ઘર્ષણો પછી જનતા નવી શિક્ષણપ્રથાને સાનુકૂળ બનતી ગઇ. જાહેર અને ખાનગી નોકરીઓ સાથે આ નવી શિક્ષણપ્રથાનો સંબંધ પ્રસ્થાપિત થતાં એનો ઝડપથી વિસ્તાર થવા લાગ્યો.

પરંતુ આ નવી શિક્ષણપ્રથા આ દેશના-મુલકના હવામાનને અનુરૂપ ન હતી, એનો ઉદ્દેશ સંકુચિત હતો - દૂષિત હતો. ફલતઃ સમયના વહેણ સાથે એની આલોચના થવા લાગી અને કેળવણીનું સારતત્ત્વ શું ગણાય, એનો ઉદ્દેશો કેવા હોવા જોઇએ, એ ઉદ્દેશોને સિદ્ધ કરનારી કેળવણીની યોજના કેવી હોય, એ અંગેનું ચિંતન વિકસતું ગયું. પ્રસ્તુત પ્રકરણમાં કેળવણીના અર્થ-સ્વરૂપ ઉદ્દેશો અને યોજનાઓ અંગે અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં પ્રચલિત થયેલા આવા ચિંતનને ઝીલવાનો-અવલોકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ ચિંતનને આકાર આપવામાં ઉપર્યુક્ત જૂની અને નવી ઉભય સમકાલીન શિક્ષણવ્યવસ્થાની સિદ્ધિમર્યાદાઓની અસર રહે, એ તો દેખીતું છે. પ્રસ્તુત પ્રકરણમાં થયેલી ચર્ચા, ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં પ્રમાણો પૂરતી જ મર્યાદિત રહે છે, એ હકીકતની અત્રે નોંધ લેવી ઘટે.

ચરિત્રવાઙ્મયને આધારે, ગુજરાતમાં શિક્ષણના અર્થ-સ્વરૂપ, ઉદ્દેશો અને યોજનાઓ અંગે અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન વિચારો-ચિંતનનું નિરૂપણ કરતાં નીચે જેવી બીજી કેટલીક બાબતોને પણ લક્ષમાં રાખવી રહેશે :

(૧) આત્મકથાઓના સર્જકો કયારેક તેમની શિક્ષણ અંગેની સંકલ્પના અને ઉદ્દેશો સ્પષ્ટ રીતે રજૂ કરતા હોય છે, તો કયારેક એ સંકલ્પના તેમજ ઉદ્દેશો અંગેના તેમના ખ્યાલો તેમના વ્યવહારોમાંથી કે વાતચીત, વ્યાખ્યાનો યા લખાણોમાંથી પરોક્ષ રીતે સ્ફુટ થતાં હોય છે. એ જ રીતે જીવનચરિત્રોના લેખકો પણ ચરિતનાયકના શિક્ષણ વિષયક ખ્યાલોનું પ્રત્યક્ષ કે પરોક્ષ નિરૂપણ કરે છે. તદ્ઉપરાંત, જીવનચરિત્રના લેખકો ચરિતનાયકના શિક્ષણની ભૂમિકા આપતાં શિક્ષણ અંગેનું પોતાનું દૃષ્ટિબિંદુ પણ કયારેક રજૂ કરે છે. આ બધા પરથી કોઇ એક સમયે શિક્ષણ વિશે કેવા કેવા ખ્યાલો પ્રવર્તતા હતા, તેનું ચિત્ર સાંપડે છે.

(૨) કેળવણીના અર્થ અને ઉદ્દેશો અંગે સમાજમાં એક સાથે ભિન્નભિન્ન ખ્યાલો પ્રવર્તતા હોય છે. દરેક પોતાના જ્ઞાન, અનુભવ અને સમજને આધારે કેળવણીનો અર્થ ઘટાવે છે તેમજ તેના ઉદ્દેશો અંગેના ખ્યાલો ધરાવે છે, તેથી આમ બનવું ઘણું સ્વાભાવિક પણ છે. સમાજના બધાજ વર્ગો કેળવણી વિશે એક સરખા ખ્યાલ ધરાવતા હોય એવું ભાગ્યે જ બને છે. પરિણામે, કેળવણી અંગેના ખ્યાલોમાં સધાયેલો ક્રમિક વિકાસ આલેખવાનું સંભવિત બનતું નથી. બહુ બહુ તો કોઇ

એક યુગ દરમ્યાન કેળવણીના અર્થ વિશે અમુક ખ્યાલો પ્રવર્તતા હતા, એટલું જ કહી શકાય.

(૩) ચરિતાત્મક સાહિત્યમાંથી પ્રાપ્ત થતી માહિતીને આધારે કેળવણીના અર્થ અને ઉદ્દેશો વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરવાનું કામ પણ કપરું જણાય છે. વાસ્તવમાં મોટાભાગની વ્યક્તિઓ કેળવણીની વ્યાખ્યા કરતાં તેમની દૃષ્ટિએ મહત્ત્વના જણાતા કેળવણીના એક યા બીજા ઉદ્દેશનું જ વર્ણન કરે છે. આમ છતાં, પ્રાપ્ત માહિતીને આધારે જે તે કાલમાં શિક્ષણના અર્થ અને સ્વરૂપ અંગે કયા કયા ખ્યાલો પ્રવર્તતા હતા અને તેની પાછળ કયા ઉદ્દેશો અભિપ્રેત હતા, તે સમજવું શક્ય બને છે.

આ ભૂમિકાને લક્ષમાં રાખીને બ્રિટિશ યુગ દરમ્યાન ગુજરાતમાં શિક્ષણના અર્થ-સ્વરૂપ, ઉદ્દેશો અને યોજનાઓ વિશે કેવા ખ્યાલો પ્રચલિત થયા હતા, તે જોઈશું.

## ૪.૨ કેળવણીનો અર્થ અને સ્વરૂપ

પૂર્વે જોયું તેમ ઓગણીસમી સદીમાં તેમજ વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં ગુજરાતમાં ગામઠી શિક્ષણપ્રથા પ્રચલિત હતી. એ શિક્ષણપ્રથામાંથી શિક્ષણના બે ખ્યાલ ઉદ્ભવે છે. એક તો, સામાન્ય વ્યવહારમાં ઉપયોગી થાય તે કેળવણી. આ કેળવણી 'પંડયાની નિશાળ'માં અપાતી, જ્યારે ધર્મ, સંસ્કાર, ચારિત્ર્ય ને વ્યક્તિત્વ-પ્રતિભાને ઘડનારી ઉચ્ચ પ્રકારની કેળવણી પાઠશાળાઓ[X]માં અપાતી. અહીં કેળવણીની વિભાવના એક સંસ્કારી જીવનના અંતર્ગત ભાગ તરીકેની જ હતી.

સામાન્ય શિક્ષણનો ખ્યાલ તેને અપાતા લૌકિક મહત્ત્વ પરથી આવે. કેટલાંક ચરિત્રોમાં સરસ્વતી દેવીની પ્રશસ્તિની નીચેની કાવ્યપંક્તિઓનો નિર્દેશ મળે છે.

------------

X પાઠશાળાઓ પણ ગામઠી અથવા દેશી શિક્ષણપ્રણાલીનું મહત્ત્વનું અંગ હતું. એમાં માત્ર બ્રાહ્મણ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો પ્રબંધ થતો હતો. એની સમીક્ષા પ્રસ્તુત અહેવાલના છઠ્ઠા પ્રકરણમાં - 'વિશિષ્ટ શિક્ષણવ્યવસ્થા'માં કરવામાં આવી છે.

"ભણ્યા ગણ્યા તે નામું લખે,
વગર ભણ્યા તે દીવો ધરે,
ભણ્યો ગણ્યો દરબારે જાય,
વગર ભણ્યો તે ગોથાં ખાય,
વિદ્યા ભણજો વિચારથી,
વિદ્યા સરખો પદારથ નથી,
૪ ભણ્યા ગણ્યાને પૂછે લોક,
વગર ભણ્યાનું જીવન ફોક"

'મહીપતરામના જીવનચરિત્રમાં ઉલ્લેખ છે કે "વાંચતાંલખતાં આવડયું તથા નામું માંડતાં શીખ્યા એટલે કેળવણી મળી એવું લોકો માનતા'. આમ, સામાન્ય શિક્ષણના સ્તરે, શિક્ષણનો ખ્યાલ સાંકડો અને મર્યાદિત સ્વરૂપનો હતો. આવું શિક્ષણ લેવા પાછળની લોકોની દૃષ્ટિ પણ વ્યાવહારિક હતી અને શિક્ષણ લેવું એટલે વેપારવણજાર્થે તાલીમ મેળવવી એવો શિક્ષણનો સાંકડો અર્થ ઊપસતો. 'ભણ્યા ગણ્યા તે નામું લખે', 'ભણ્યો ગણ્યો દરબારે જાય' 'ભણ્યા ગણ્યાને પૂછે લોક' આ પંક્તિઓમાં સામાન્ય ગામઠી શિક્ષણપ્રથાનું સ્વરૂપ અને તેનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે.

આ ગામઠી શિક્ષણની સામે નવી અંગ્રેજી શિક્ષણપદ્ધતિ પાછળથી વિકસી. નવી શિક્ષણપ્રથાના નિર્માણની સાથે ગુજરાતમાં શિક્ષણના ખ્યાલોમાં પણ પલટો આવતો રહ્યો.

ગુજરાતની 'પ્રાથમિક કેળવણીના પિતા'નું બિરુદ પ્રાપ્ત કરનાર મહીપતરામ "અનેક તરેહની મદદથી બુધ્ધિને એટલે મનની સર્વશક્તિઓને ખુલ્લી કરી વિસ્તાર પમાડી મોટી કરવી તેનું નામ કેળવણી"[1] એ રીતે કેળવણીનું લક્ષણ બાંધે છે. મહીપતરામ અહીં કેળવણીને માનસિક યા બૌધ્ધિક વિકાસ સાધનારી પ્રક્રિયા તરીકે વર્ણવે છે. એમને મન કેળવણીએ મનની વિવિધ શક્તિઓ જેવી કે, વિચારશક્તિ, યાદશક્તિ, અનુમાનશક્તિ, તર્કશક્તિ વગેરેનો વિકાસ સાધવો ઘટે. "શારદા મંદિરનો મુખ્ય ઉદ્દેશ ડગલેને પગલે બુધ્ધિનાં કોશો (સેલ્સ) સ્વચ્છ કરવાનો, બુધ્ધિબળને ખીલવવાનો, વધારવાનો છે"[2] એમ કહીને પ્રોફેસર બળવંતરાય ઠાકોર પણ મહીપતરામના આ વિચારનું સમર્થન કરે છે. (પ્રોફેસર બળવંતરાયે અન્યત્ર કેળવણીને

વિશાળ પરિપ્રેક્ષ્યમાં જોઇ છે - વર્ણવી છે એ અહીં નોંધવું ઘટે) ચરિતનાયક ચીમનભાઇના શિક્ષણ-વિષયક ખ્યાલો વર્ણવતાં, શ્રી નિરંજન વર્મા પણ ચીમનભાઇની દૃષ્ટિએ 'વિચારશકિતની ખિલવણી' એ કેળવણીનું પ્રધાન લક્ષ્ય હતું, એવું પ્રતિપાદન કરતાં નોંધે છે કે "વિચાર કરવાની અશકિતનું મૂળ કારણ તે આજના શિક્ષણને ગણતા ને કહેતા.......... જે દેશમાં વિચારક થોડા હોય, વિચારકની મહત્તા ઓછી અંકાતી હોય, એ દેશની હૈયા-ઉકલત ઓછી સમજવી. પછી ઘેટાં ભરવાડની પાછળ ચાલ્યાં જાય એવું થાય, બીજું શું ?"[3] વિચાર એ પણ મનની એક શકિત છે, એ જોતાં શ્રી ચીમનભાઇ પણ માનસિક વિકાસને કેળવણીની ફલશ્રુતિ ગણે છે એ સમજી શકાય એમ છે.

બ્રિટિશ યુગની ગામઠી શાળાઓમાં બાળકોની સ્મૃતિ પર લદાતા અયોગ્ય ભારના વિરોધરૂપે કેળવણીને સમગ્ર માનસિક શકિતઓના વિકાસ તરીકે અવલોકવાનો આ વિચાર આવકાર્ય ગણાય. કેળવણી એ માહિતી પ્રદાન અને રટણની નીરસ યાંત્રિક પ્રક્રિયા નથી, પણ એથીય કંઇક વિશેષ છે, એવો સૂર આ ખ્યાલોમાંથી ઊઠે છે. આમ છતાંય તેમાં માનવીય વિકાસના એક માત્ર પાસા પર ભાર મૂકાયો હોઇ તે અધૂરા છે, અપૂર્ણ છે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

મહારાજા સયાજીરાવ તેમની પ્રાગતિક દૃષ્ટિ માટે એ જમાનામાં જાણીતા હતા. શિક્ષણ વિશેની એમની સંકલ્પના માનસિક વિકાસના ખ્યાલથી . સહેજ આગળ વધે છે. 'શ્રી સયાજીગૌરવ ગ્રંથ'માં એને આ રીતે વ્યકત કરવામાં આવી છે:

"વિદ્યા એટલે માત્ર વાંચતાં લખતાં આવડે એટલું જ નહિ, પણ જેને લીધે કાર્યકારણનો યોગ્ય સંબંધ જાણી શકાય, બીજા લોકોની સામાજિક, ધાર્મિક કે ઔદ્યોગિક સ્થિતિ અને આપણી ખરાબ હાલત જોઇને તેનાં કારણો શોધી કાઢતાં આવડે અને સર્વ વિષયોનો ન્યાયપૂર્વક વિચાર કરતાં આવડે તેનું નામ વિદ્યા...... ટેનિસનના મત પ્રમાણે જ્ઞાન એક શકિત છે પરંતુ તે ડહાપણ કરતાં ઉતરતું છે. એટલે ડહાપણની વૃદ્ધિ કરવી એજ ખરા શિક્ષણનું ધ્યેય હોવું જોઇએ. આવા પ્રકારનું ખરું શિક્ષણ આપવાનો મહારાજાએ મહાન પ્રયત્ન કર્યો એ જોઇને સૌ કોઇ આશ્ચર્યચકિત થઇ જશે."[4]

શિક્ષણ વિશેની મહારાજાની આ સંકલ્પના પૂર્વોક્ત 'માનસિક વિકાસ'ના ખ્યાલમાં વધુ પ્રગતિ સાધતી હોય એમ જણાય છે. એમની દૃષ્ટિએ કેળવણી એક એવી પ્રક્રિયા છે, જે ગુણદોષને તટસ્થતાપૂર્વક અવલોકવાની વિવેકબુદ્ધિ વ્યક્તિમાં જાગ્રત કરે. બીજા શબ્દોમાં કહીએ તો કેળવણી એટલે મહારાજાની દૃષ્ટિએ કોઇપણ પરિસ્થિતિને ડહાપણપૂર્વક નિહાળવાની શક્તિનો વિકાસ. વ્યક્તિ અને સમાજના વિકાસની ચાવી, આવી પર્યેષક બુદ્ધિની જાગૃતિમાં રહેલી છે, એ જોતાં મહારાજાની કેળવણીની સંકલ્પના પણ આવકાર્ય ખરી. પરંતુ માનવીય વિકાસનાં અન્ય પાસાંઓને એમાં સ્થાન મળ્યું નથી. એ દૃષ્ટિએ કેળવણી વિશેની ઉક્ત સમજ પણ અપૂર્ણ જ રહે છે.

મહારાજા સયાજીરાવે એમના જમાનામાં ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા અને એનો અમલ કરવા પણ તત્પર રહેતા. એમની કેળવણીની સંકલ્પના ઇંદ્રિય તાલીમ અને ધંધાકીય જ્ઞાનને પણ સમાવી લે તેવી વ્યાપક હતી. તેથી વડોદરા રાજ્યમાં હુન્નર ઉદ્યોગોના શિક્ષણનો પ્રબંધ પણ તેમણે કરેલો. આવી સર્વ પ્રથમ સંસ્થા - કલાભવન-ની વડોદરા ખાતે ઇ.સ. ૧૮૮૯માં સ્થાપના કરવા માટે જે સરકારી ફરમાન બહાર પાડવામાં આવ્યું તેમાંથી કેળવણી વિશેનો આવો નિર્દેશ પ્રાપ્ત થાય છે.

"આથી ફરમાવવામાં આવે છે કે વડોદરામાં ધંધાદારી કેળવણીની સંસ્થા શરૂ કરવી જેમાં માત્ર મગજ ઉપરાંત, હાથ અને આંખોને પણ શિક્ષણ મળે, અને આ શિક્ષણ ગુજરાતીમાં આપવામાં આવે. આ યોજનાનો હેતુ એ છે કે લોકો પોતાના ધંધામાં સુધારા કરી શકે તેમજ નવા ધંધા શરૂ કરી શકે."[૫] (કલાભવનના આદ્યસ્થાપક ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથાના લેખકોએ પણ મહારાજાના આ વિચારોનું સમર્થન કર્યું છે.)

અહીં મહારાજાની શિક્ષણ-સંકલ્પના કંઇક અંશે વધુ વિસ્તરતી જણાય છે. એમાં માનસિક શક્તિઓના વિકાસ ઉપરાંત ઇંદ્રિયોની તાલીમનો પણ સમાવેશ થઇ જાય છે. જો કે ઇંદ્રિય વિકાસ સાધવા પાછળનું એમનું લક્ષ્ય તો ધંધાકીય હેતુની સિદ્ધિ પૂરતું મર્યાદિત હતું, એવો અર્થ એમાંથી ફલિત થાય છે.

કેળવણીને ચારિત્ર્ય-ઘડતરની પ્રક્રિયા તરીકે ઘટાવતાં કેટલાંક પ્રમાણો પણ ચરિત્ર-સાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. મહારાજા પોતે પણ કેળવણીને ચારિત્ર્ય-ઘડતરની પ્રક્રિયા સમજતા. એવું પ્રતિપાદન કરતાં દર્શાવવામાં આવ્યું છે કે -

"મહારાજાનો જીવનહેતુ પોતાની પ્રજાને સર્વજાતનું શિક્ષણ આપવું અને ઉચ્ચ સાહિત્ય સુલભ કરી આપવું એ જ છે. અવલોકન શક્તિનો વિકાસ કરવો, ઉત્તમ ચારિત્ર્ય બનાવવું અને માનસિક ઉન્નતિ કરવી એજ ખરું શિક્ષણ કહેવાય છે".[6] દક્ષિણામૂર્તિ વિદ્યાભવનમાં મળેલા પ્રથમ છાત્રાલય સંમેલનનો સૂર પણ 'ચારિત્ર્યનું ઘડતર ~~ઘડતર~~ એ જ કેળવણીનું મુખ્ય લક્ષ હોવું જોઈએ' એવો હતો.[7]

ચારિત્ર્ય ઘડતર દ્વારા એના પુરસ્કર્તાઓને શું અભિપ્રેત છે તે અહીં સ્પષ્ટ થતું નથી. ચારિત્ર્ય એક વિશાળ સંકલ્પના છે. એના અનેક અર્થ ઘટાવવામાં આવે છે. એમાંથી કયો અર્થ પુરસ્કર્તાને અભિપ્રેત છે એ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી કેળવણી પાસેની તેમની અપેક્ષાઓ સમજી શકાય નહિ.

માનસિક શક્તિઓની ખિલવણી, બૌદ્ધિક વિકાસ, વિચારશક્તિની ખિલવણી, ડહાપણનો વિકાસ, ઈંદ્રિયોની તાલીમ, ચારિત્ર્ય-ઘડતર વગેરે દૃષ્ટિએ કેળવણીને અવલોકવાના આ પ્રયાસો અધૂરા છે, કારણ કે એમાં માનવીને - માનવીના જીવનને એના સંપૂર્ણ પરિપ્રેક્ષ્યમાં અવલોકવાનો પ્રયત્ન જણાતો નથી. આમ છતાંય અંગ્રેજી કેળવણીની અધૂરપ જોતાં કેળવણીને સાચી દૃષ્ટિએ સમજવાની દિશામાં નિશ્ચિતપણે આ સંકલ્પનાઓ એક કદમ આગળ વધે છે, એમ નિ:શંકપણે કહી શકાય.

બ્રિટિશ યુગ દરમ્યાન કેળવણીને વ્યાપક રીતે અવલોકવાના પ્રયત્નો પણ થયા છે, એમ કહેવા માટેનાં પૂરતાં પ્રમાણો ચરિત્ર-સાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. આવાં કેટલાંક પ્રમાણો નીચે મુજબ છે :

ચરિતનાયક ઝંડુ ભટ્ટજી એમની સૂચિત રસશાળાની યોજનામાં 'વિદ્યાભ્યાસ એ વૃદ્ધિનું કારણ છે' એમ દર્શાવે છે અને વૃદ્ધિના બે પ્રકાર પાડે છે - શારીરિક અને માનસિક.[8] ભટ્ટજીની દૃષ્ટિએ કેળવણી એ વૃદ્ધિ-વિકાસની પ્રક્રિયા છે. ભટ્ટજી શારીરિક વૃદ્ધિ-વિકાસને પણ એમની શિક્ષણ સંકલ્પનામાં મહત્ત્વનું સ્થાન આપે છે, એ જોતાં પૂર્વકથિત 'માનસિક વિકાસ'ના ખ્યાલ કરતાં એ એક સોપાન આગળ વધે છે, એમ કહી શકાય.

ગાંધીજી માનસિક - શારીરિક વિકાસના આ ખ્યાલમાં એક વધુ સોપાનનો ઉમેરો કરે છે, અને તે હૃદયની કેળવણીનો/હૃદયબળની ખિલવણીનો. એમની દૃષ્ટિએ શરીર બળ કરતાંય હૃદયબળની ખિલવણીનું વધુ મહત્ત્વ છે. ચરિતનાયક ઈન્દુલાલ યાજ્ઞિક સાથેના એક પ્રાસંગિક વાર્તાલાપમાં તેઓ કહે છે :

"બહારવટિયાથી અને કાબૂલીઓથી ગામડાનું રક્ષણ કરવાની જરૂર હોય તો તાત્કાલિક યોગ્ય બંદોબસ્ત કરીને ખાસ તાલીમ આપી શકાય. પણ હંમેશ ધ્યાનમાં રાખવું કે ખરી હિંમત તો હૃદયની કેળવણીથી જ આવે. તે પહેલેથી અપાય અને શરીરબળ પછી આવે તો જ કામ સધાય, નહિ તો અનર્થ થાય!"[૯]

અત્રે એ લક્ષમાં રાખવું ઘટે કે ગાંધીજી માનસિક વિકાસને પણ કેળવણીમાં મહત્ત્વનું સ્થાન આપતા. "બાળકના શરીર, મન અને આત્મામાં જે કંઇ શ્રેષ્ઠ છે તેને બહાર આણવાની પ્રક્રિયાને હું કેળવણી સમજું છું" એવી ગાંધીજીની શિક્ષણની વ્યાખ્યા તો પ્રચલિત છે જ, જેમાં એમણે માનસિક વિકાસને પણ કેળવણીનું એક મહત્ત્વનું અંગ માન્યું છે.

ચરિતલેખક પુરાતન બુચ સાથેની પ્રાસંગિક વાતચીતમાં શ્રી રવિશંકર મહારાજ પણ 'પોતાના સ્વત્વની રક્ષા સાદું જીવન ગાળીને કરતાં શીખે' એવા નાગરિકો પેદા કરવા શિક્ષણમાં શરીર, મન અને બુદ્ધિ ત્રણેયના વિકાસના મહત્ત્વને સ્થાન આપવાની હિમાયત કરે છે : તેમના શબ્દો અક્ષરસઃ નીચે પ્રમાણે છે :

"આપણાં શરીર, મન અને બુદ્ધિ ત્રણેયને એવી કેળવણી આપવી છે જેથી એ એકબીજાને સહાયક ને પૂરક થઇને એક સંપૂર્ણ માનવી તરીકે વર્તવાની આવડત આપણામાં જાગ્રત કરે!"[૧૦]

મહારાજશ્રી તેમની આ શિક્ષણ સંકલ્પનાનું પ્રતિપાદન એક ગુરુકુલના વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં પણ આ રીતે કરે છે :

"તમે અહીં રહીને ભણો છો એ બીજી નિશાળમાં ભણાય એવું ભણતર નથી. અહીં તો તમે બધા જીવનની સાધના કરી રહયા છો.

"તમે તમારા હાથપગને ખડતલ ને કામ કરે એવા બનાવજો, તમારા મનને સંયમી રાખજો. તમારી બુદ્ધિને તેજસ્વી અને વિવેકી બનાવજો."[૧૧]

આમ, મહારાજશ્રીને મન કેળવણી એ જીવન સાધના છે, જેમાં શરીર, મન અને બુદ્ધિ એ ત્રણેયની સમન્વિત વિકાસ થવો અપેક્ષિત છે.

કેળવણીને તેના વિશાળ અર્થમાં માનવીની આંતરિક - બીજભૂત શકિતઓના વિકાસ તરીકે અવલોકવાના પ્રયત્નો પણ બ્રિટિશ યુગ દરમ્યાન થયા છે. એને લગતાં સંખ્યાબંધ પ્રમાણો ચરિત્ર-સાહિત્યમથી પ્રાપ્ત થાય છે :

'અંબાલાલભાઇ : એમના વિચારમિનાર, એમના આશયો, મન્તવ્યો અને વ્યવસાયો'માં ચરિતલેખકે 'કેળવણી' શબ્દનું અર્થઘટન આ રીતે કર્યું છે : "**Education** શબ્દ અહીં તેના અતિવ્યાપક અને સંપૂર્ણ સાચા અર્થમાં વપરાયો છે. કેળવણી એટલે માણસની તમામ વૃત્તિશકિત આદિને બીજરૂપમાંથી ખીલવી ખીલવીને પરિપાક દશાએ આણેલી હોય તે સર્વ ક્રિયાઓ અને ફલોનો સમુચ્ચય. અનુભવ મનન --આદિથી ઠોકરો ટપલા ખાદિ ખાઇ ખાઇને - માણસ જાતે ઘડાય, પોતે પોતાની જાતને ઘડતો આવે, તે **Self-Education** એટલે આત્મશિક્ષણનું સ્થાન આ સમુચ્ચયમાં ગૌણ નહીં પણ મુખ્ય!'[૫૨]

આ પરિભાષા પરથી સ્પષ્ટ થાય છે કે પરિભાષકને મન કેળવણી એ એવી પ્રક્રિયા નથી જે શાળાની ચાર દિવાલોમાં પૂરાયેલી રહે, પરંતુ તે આત્મશિલ્પની એક એવી પ્રક્રિયા છે જે નિરંતર ચાલ્યા કરે છે - હર ક્ષણે, હર પળે ! આપ ઘડતરની આ પ્રક્રિયા રૂઢ અર્થમાં ગુરુ-શિક્ષકની ગેરહાજરીમાં પણ ચાલ્યા કરે છે. ભૌતિક - સામાજિક પર્યાવરણનાં અનેક પરિબળો તેનાં માધ્યમ બને છે.

કેળવણીને આમ વિશાળ દૃષ્ટિએ અવલોકતાં એમાં શાળા-મહાશાળાની કેળવણી અને શિક્ષકનું સ્થાન શું ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઊભો થાય. ચરિતસાહિત્યમાં આ પ્રશ્નો પર પ્રકાશ પાડે એવાં પ્રતિપાદનો પણ ઉપલબ્ધ છે. દલપતરામની જીવનકથામાં શ્રી કાશીશંકર મૂળશંકર દવે જણાવે છે તેમ "વિદ્યા ભણવાનો લાભ ન મળ્યાથી ઘણા કુદરતી જન્મેલા કવિઓ પણ સારા કવિ થવા પામે નહિ, તેથી વિદ્યાની પ્રથમ જરૂર છે."[૧૩] ડાં. સુમંત મહેતા પોતાની આત્મકથામાં બ્રિટિશ કેળવણીની ત્રૂટિઓ રજૂ કરતાં કહે છે કે "હું તેલંગ અને રાનડેનાં જીવનવૃત્તાંત વાંચતો હતો ત્યારે વિચાર આવેલો કે સૃષ્ટિમાં કેટકેટલાં માણસોનાં જીવન કેવળ અફળ અથવા નિષ્ફળ જાય છે, કારણ કે તેમની શકિતઓને ખીલવનારા માળી નથી."[૫૪]

M. S. UNIVERSITY OF BARODA



આવાં પ્રતિપાદનો પરથી ફલિત થાય છે કે પદ્ધતિસરની વ્યવસ્થિત કેળવણીને અભાવે અંતર્નિહિત ~~શક્તિઓનું~~ શકિતઓનું પરિપૂર્ણ પ્રસ્ફુટન થતું નથી, એટલે આ શકિતઓને પ્રમાણે અને તેના વિકાસ માટેનું સુયોગ્ય વાતાવરણ પૂરું પાડે એવી શિક્ષણવ્યવસ્થાની જરૂર ઊભી રહે છે.

આવી કેળવણીમાં શિક્ષકની જવાબદારી પણ અનેક ગણી વધી જવાની એવું પણ ડૉ. સુમંત મહેતાના અવલોકનમાંથી ફલિત થાય છે. શિક્ષક જો માત્ર માહિતી આપીને બેસી રહે, તો બાળક-વિદ્યાર્થીની સંભાવ્ય શકિતઓનો વિકાસ પણ ન થાય. એટલે પેલા માળીની જેમ શિક્ષકે બાળકની આવી શકિતઓ પારખી તેની માવજત કરવાની છે- તેના વિકાસ માટેના સાનુકૂળ શિક્ષણાનુભવો પૂરા પાડવાના છે. કેળવણીની આવી વિભાવનામાં શિક્ષકની જવાબદારી કેટલી બધી મોટી છે, તેનો શિક્ષણના વ્યવસાયમાં પડેલા ચરિતનાયક શ્રી અંબાલાલભાઈને સતત ખ્યાલ રહેતો એવું પ્રતિપાદન શ્રી રાવજીભાઈ મોતીભાઈ પટેલ આ રીતે કરે છે :

"પોતાના વિદ્યાર્થીઓ તરફની તેમની સ્નેહવૃત્તિ તેમને શિક્ષક તરીકે વધારે લાયક અને પુજ્ય બનાવતી. તેમને સતત ધ્યાન રહેતું કે તેમની હાથ નીચેના વિદ્યાર્થીઓને મનુષ્ય બનાવવાના છે, તેમાંથી સંસારની સાચી સેવા બજાવી શકે તેવા સચ્ચારિત્રવાન પુરૂષો બનનાર છે..... જ્યારે બાળકનું મુલ્ય આટલું બધું છે ત્યારે તેને કેળવનાર, તેની શકિતઓનો વિકાસ કરી ઉત્તેજનાર અને તેનામાં પોતાનું હૃદય રેડી મનુષ્યત્વ અર્પનાર શિક્ષકની જોખમદારી કેવી ભારે હોવી જોઈએ તેની ખ્યાલ આ આપણા નવા શિક્ષકને સતત રહયા કરતી."[૬૫]

આ સમગ્ર ચર્ચા પરથી એક હકીકત ખૂબ જ વેધક રીતે સ્પષ્ટ થાય છે, કે અંગ્રેજી શિક્ષણ દ્વારા બ્રિટિશ તાજ પ્રત્યેની વફાદારી કેળવવાના વિદેશી શાસકોના સતત સજાગ પ્રયત્નો અને એવું શિક્ષણ પ્રાપ્ત કરનારને મળતી સરકારી નોકરીઓને લીધે ભલે એ શિક્ષણ લોકપ્રિય બન્યું હોય, પરંતુ એની સંકુચિતતાને લીધે પ્રજાનો વિચારક વર્ગ ચોંકી ઊઠયો હતો અને શિક્ષણને તેના સાચા પરિમાણમાં મૂલવવાના પ્રયત્નો સારા પ્રમાણમાં થયા હતા. શિક્ષણને તેના નવા પરિમાણમાં અમલમાં મૂકવા અંગે જે છૂટાછવાયા પ્રયોગો થયા તેને ઝાઝી સફળતા મળી નહિ કારણ કે લોકમાનસમાં અંગ્રેજી શિક્ષણે ઊંડી જડ ઘાલેલી હતી. અલબત્ત, એ આપણી

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

કમનસીબી હતી.

### ૪.૩ કેળવણીના ઉદ્દેશો

ઓગણીસમી સદીની દ્વિતીય પચીસી દરમ્યાન ગુજરાતમાં અંગ્રેજી કેળવણીનો પાયો નંખાઇ ચૂકયો હતો. ૧૮૧૩માં બ્રિટિશ સરકારે દેશીજનોની કેળવણી પાછળ પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા ખર્ચવાનો નિર્ણય લીધો. ત્યારબાદ ૧૮૫૮માં મુંબઇ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો. અંગ્રેજી કેળવણી મેળવનારાઓને બ્રિટિશ સરકારની તેમજ દેશી રાજ્યોની નોકરીઓ સરળતાથી પ્રાપ્ત થતી હોવાથી, અંગ્રેજી કેળવણીની લોકપ્રિયતા ઝડપથી વધતી ગઇ. સાથે સાથે નવી કેળવણીનું મહત્ત્વ અને તેના ઉદ્દેશો પણ બહાર આવતા ગયા.

ગુજરાત સહિત બ્રિટિશ મુલક હેઠળના સમગ્ર ભારતમાં અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવા પાછળનો અંગ્રેજ શાસકોનો ઉદ્દેશ તો જગજાહેર છે. શ્રી મુનશી નોંધે છે તેમ ''મેકોલેએ જ્યારે હિંદમાં અર્વાચીન કેળવણીનો પાયો નાખ્યો, ત્યારે તેણે સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે 'અમારે તો આ કેળવણી દ્વારા એવા માણસો પેદા કરવા છે જે અંગ્રેજી અમલનાં સગવડિયાં સાધન બનીને રહે' "[૬૬] શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇ તેમના આત્મવૃત્તાંતમાં આ હકીકતનું સમર્થન આ પ્રમાણે કરે છે :

> "અંગ્રેજી ભાષા હિંદુસ્તાનમાં દાખલ કરનાર મેકોલેનો ઉદ્દેશ ભલે રાજ્યને જરૂરી કારકુની કે નાના અમલદારો ઉપજાવવાનો હોય- જો કે પશ્ચિમના વિચારો, આચારો, વિજ્ઞાન અને અંતે ધર્મ પણ એ ભાષા દ્વારા હિંદુસ્તાનમાં દાખલ કરી શકાશે એવો ધ્વનિ પણ એ પ્રવૃત્તિમાં રહેલો હતો ખરો ! છતાં ભાષા દાખલ કરવાથી એકલા કારકુનો જ ઘડાય અને નેતાઓ નહિ, એમ બનવું અસંભવિત હતું......."[૬૭]

આમ, ભારતમાં બ્રિટિશ કેળવણીનો ઉપયોગ એક રાજદ્વારી યુકિત કે કરામત તરીકે થયો હતો. કુમળી વયનાં બાળકોના મનમાં આ કેળવણી દ્વારા તેઓમાં બ્રિટિશ તાજ પ્રત્યે વફાદારી કેળવાય એવા સંસ્કારો ઠાંસી ઠાંસીને ભરવામાં આવતા. આ પ્રકારની કેળવણી પામેલાં શારદાબહેન મહેતા, તેમનાં 'જીવન સંભારણાં'માં ખૂબ જ વેધક રીતે બ્રિટિશ સરકારના આ રાજકીય ઉદ્દેશનો ઘટસ્ફોટ કરે છે :

"જે રાણીજીના રાજયમાં સ્થિર થઇ અમે સુખીઆં થયાં - જીવો વિકટોરીઆ, ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળાં કેર ગયા કરનાર, દેખ બિચારી બકરીનો પણ કોઇ ન જાતાં પકડે કાન, એ ઉપકાર ગણી ઇશ્વરનો હરખ હવે તું હિન્દુસ્થાન - આવાં આવાં અનેક કાવ્યો અને પાઠોની છાપ હૃદયમાં ઊંડી ઊંડી પેસાડવાના પ્રયત્નો થઇ રહેતા, તે વખતે બ્રિટિશ રાજય માટે રાજભક્તિ - loyalty -ના જ બોધ આપવામાં આવતા..............આવા આવા અનેક સંસ્કારોને લીધે ઉછરતાં છોકરાંના મગજમાં ગોરી ચામડી માટે એક પ્રકારની બીક અને માનની મિશ્ર લાગણી વ્યાપી ગએલી હતી. અને કેળવણીકારોએ એજ લાગણીને પોષી હતી. ઇતિહાસનાં પુસ્તકોમાં એજ પાઠ શીખવાતા અને રાજા કદી ખોટું કરે જ નહિ 'The king can do no wrong ' એ જ સંસ્કાર રેડાતા. ઇંગ્રેજ રાજયની સફેદ બાજુજ દેખાડવામાં આવતી, આ પ્રકારનાં મૂળ ઊંડા ઊંડા નાખવામાં આવેલાં. સરકાર મા બાપ જે કરે તે વ્યાજબી જ કરે અને એમાં તો કાંઇ દોષ હોઇ શકે જ નહિ. એવું જ મનાવવામાં આવતું. આ ભાવનામાં તલ્લિન થઇ ગએલી પ્રજા બ્રિટિશ સલ્તનતનાં ગુણનાં સ્તવન કરતી પ્રજા એક જાતનો માદક પદાર્થ પીને જડ થઇ ગએલી હતી. અને ઉઘાડી આંખે ગુલામીની બેડીઓ એક પછી એક અજાણતાં પહેરે જ જતી હતી........"[૫૮]

આમ, અંગ્રેજી કેળવણી તેનો રાજકીય ઉદ્દેશ-મુરાદ પાર પાડવામાં સફળ નીવડી હતી. તેમ છતાંય આ કેળવણીએ વિચારકોનો એક વર્ગ સર્જ્યો હતો, જે બ્રિટિશ કેળવણીની સંકુચિત દૃષ્ટિ અને તેની ત્રૂટિઓ પ્રત્યે દિનપ્રતિદિન વધારેને વધારે સંવેદનશીલ બનતો જતો હતો. વિચારકોની આ નાનકડી લઘુમતી કેળવણી એટલે શું ? તેનું સ્વરૂપ-પોત કેવું હોવું જોઇએ ? તેના ઉદ્દેશો કેવા હોય ? એ ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા કેવો અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓ જરૂરી છે? એવાં વિચાર કરતો થયો. આ વિચારસરણીને અમલમાં મૂકવા માટે કેટલાક છૂટાછવાયા પ્રયત્નો પણ થયા, પરંતુ અંગ્રેજી કેળવણીની લોકમાનસ પર એટલી પ્રબળ પકડ હતી

કે સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી આવા પ્રયોગોને ઝાઝી સફળતા મળી નહિ.

"(બ્રિટિશ) કેળવણીની પદ્ધતિ, ભાવના ને એનું ધ્યેય જ નહીં, પણ તેમાં શીખવવાના વિષયો, ને તેમાં શીખવવાની વસ્તુ, પણ બદલવાનાં કેટલાયે પ્રયત્નો ગયા સો વરસમાં થયા છે. સ્વામી દયાનંદ સરસ્વતી પાસેથી પ્રેરણા લઇને લાલા મુનશીરામ, જેઓ સન્યાસ ધારણ કરીને સ્વામી શ્રદ્ધાનંદ થયા, તેમણે ગુરૂકુળની પ્રથા શરૂ કરી. બંગભંગ સામેની હિલચાલ પૂરજોશમાં હતી તે વખતે શ્રી અરવિંદે રાષ્ટ્રીય કેળવણીનો અલ્પજીવી પ્રયોગ કરી જોયો. ત્રીજો પ્રયોગ કર્યો મહાત્મા ગાંધીએ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરીને.

"પણ આપણાં વિશ્વવિદ્યાલયોમાં અપાતી કેળવણીએ હિંદી માનસ પર પૂરેપૂરો કબજો કર્યો હતો. એ કેળવણી વિના સરકારી નોકરીના અનેક ધંધાના દરવાજામાં પ્રવેશ કરવાની મનાઇ હતી. એટલે લોકોએ સરકારી માન્યતાની છાપવાળી કેળવણી લેવાનું વધારે પસંદ કર્યું, અને આ ત્રણેમાંથી એકે પ્રયોગની જડ ઊંડી ઊતરી નહીં......"[૫૯]

આમ, નવી પદ્ધતિની કેળવણી-પ્રથાનું નિર્માણ કરવા પાછળનો અંગ્રેજોનો ઉદ્દેશ એમને રાજ્યવહીવટના કાર્યમાં ઉપયોગી નીવડે એવો શાસકો અને શાસિતો વચ્ચેનો 'મધ્યસ્થી' વર્ગ ઊભો કરવા પૂરતો મર્યાદિત હતો. અંગ્રેજી કેળવણી પામેલો આ વર્ગ બ્રિટિશશાસનના મૂળ ઊંડા નાખવામાંય મદદરૂપ થાય એવો ઉદ્દેશ પણ આ પ્રકારની કેળવણીના નિર્માણ પાછળ હતો. આવા સંકુચિત ઉદ્દેશોને કેન્દ્રમાં રાખીને રચાયેલી શિક્ષણપ્રથા લાંબાકાળ સુધી પ્રજાને સંતોષી ન શકે એ તો દેખીતું જ છે. પરિણામે, વખત જતાં બ્રિટિશ-શિક્ષણ પ્રથાની નોકરીલક્ષિતા, ધર્મવિમુખતા, માહિતીકેન્દ્રીયતા, પશ્ચિમપ્રિયતા વગેરે જેવી ત્રૂટિઓ છતી થવા લાગી. એમાંથી કેળવણીના ઉદ્દેશો કેવા હોવા જોઇએ એ અંગે વધારેને વધારે ચિંતન થતું ગયું.

અહીં એક હકીકત એ પણ લક્ષમાં રાખવાની છે કે ઘણા લાંબા કાળ સુધી, સમગ્ર બ્રિટિશ કેળવણીએ યુનિવર્સિટી-પ્રવેશને લક્ષમાં રાખીને શિક્ષણની ઇમારત રચી છે. કેળવણીની ભિન્નભિન્ન કક્ષાએ સ્વતંત્ર ઉદ્દેશો કંડારવાનો પ્રશ્ન છેક સુધી વિવાદગ્રસ્ત

M. S. UNIVERSITY OF BARODA



રહયો છે, અને એ દિશામાં કોઇ નકકર પગલાં લેવાયાં નથી:

સાક્ષર શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ કેળવણીના ત્રણ સ્વતંત્ર સ્તબકો પાડી તેને માટે ભિન્નભિન્ન ઉદ્દેશો રચવાના સરકારના ઇરાદાનો વિરોધ કરતાં જણાવે છે:

"કેળવણી(ને) અત્યારે ત્રણ ભૂમિકામાં વ્હેંચવામાં આવે છે: પ્રાથમિક, ( **primary** ), માધ્યમિક ( **secondary** ) અને ઉચ્ચ (**higher** ). અને આ ત્રણેમાં પ્રત્યેકનો એક એક ખાસ ઉદ્દેશ છે, અને ન હોય તો રાખવો જોઇએ - જેથી કોઇ નીચેની કક્ષાની કેળવણી લઇને તે કક્ષાને ઉચિત જીવનમાં પડવા માગે તો પડી શકે, અને ઉપરની કક્ષામાં વૃથા સમયનો વ્યય ન કરે. આ ઉદ્દેશથી હાલ પ્રત્યેક કક્ષાની જે કેળવણી ચાલે છે તેમાં ફેરફાર કરવાનો અધિકારીઓનો વિચાર છે- અને તેઓનું માનવું છે કે એમ કરવાથી હાલ ત્રણે કક્ષામાં યુનિવર્સિટીનું સામ્રાજય પ્રવર્તે છે- અર્થાત્ સહુકોઇ જાણે યુનિવર્સિટીમાં જ જવાના હોય એ દૃષ્ટિબિંદુથી બધી કેળવણી ઘડાય છે, એ જે અનિષ્ટ પ્રવર્તે છે એ મટશે.............

"હવે આ મત સ્હામે હું મારો મત મૂકું છું. મારું માનવું છે કે કેળવણી એ ત્રણ કક્ષામાં એકબીજાથી અલગ કરીને વહેંચી નખાય એવો પદાર્થ નથી. ત્રણે મળીને એક અખંડ ક્રિયા છે......."[૨૦]

સરકારે પણ આ મત સ્વીકાર્યો હોય અને સળંગસૂત્ર અભ્યાસક્રમ ઘડવાનો નિર્ણય લીધો હોય એવો ઉલ્લેખ શિક્ષણ-ખાતાના એક કર્મચારી પોતાના ઇ.સ.૧૯૩૫ના એક ભાષણમાં આ રીતે કરે છે :

"કેળવણીમાં પ્રાથમિક, માધ્યમિકને ઉચ્ચ એવા કૃત્રિમ વિભાગો ન જોઇએ. કેળવણીની આખી યોજના ચોકકસ હેતુ પ્રમાણે ગોઠવાવી જોઇએ. ૧૯૨૭માં સરકારે એક કમિટી નીમેલી, તેનો હું સભ્ય હતો. એ કમિટિએ યોજના ઘડી. પ્રાથમિક માધ્યમિક જેવા વિભાગો દૂર કરી સળંગ અભ્યાસ તૈયાર કરેલો. આ હેસુકેથ કમિટીએ ઘણી જહેમત ઉઠાવી હતી અને એકમતી રિપોર્ટ માટે મારા જેવાએ પોતાના કેટલાક અભિપ્રાયોનો પણ ભોગ આપ્યો હતો. એમ છતાં આજે એ રિપોર્ટ સેક્રેટરીએટમાં અભરાઇ ઉપર પડયો છે. પરદેશી રાજય તરફથી આપણી કેળવણીની સુધારણાની આશા રાખવી નિરર્થક છે."[૨૧]

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



આ પરિસ્થિતિમાં, કેળવણીના સ્તબકવાર ઉદ્દેશો અંગેની સ્પષ્ટ વિચારણા થઇ હોય, અને એની યોગ્યાયોગ્યતાની સમીક્ષા થઇ હોય એમ પ્રતીત થતું નથી. ચરિત્રસાહિત્યમાં પણ કેળવણીના ઉદ્દેશોનું સ્તબકવાર નહીં, પરંતુ સમગ્રતયા નિરૂપણ થયું છે.

વળી, કેળવણીના ઉદ્દેશોની સ્તબકવાર અને વિષયવાર સમીક્ષા કરવી એ તજ્જ્ઞનું કાર્ય છે. ચરિતલેખકોને ચરિતનાયક કે નાયિકાના વ્યક્તિત્વનો વિકાસ આલેખવાનો હોઇ તેની પાસે એવી સૂક્ષ્મ રજૂઆત અપેક્ષિત પણ નથી. પરિણામે સંશોધકે અત્રે કેળવણીના ઉદ્દેશો અંગે બ્રિટિશ રાજ્ય અમલ દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તતા સામાન્ય વિચારોની સમીક્ષા કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે !

(૧) માનસિક વિકાસનું ધ્યેય :- કેળવણી દ્વારા બાળકોના માનસિક ઘડતરનો ખ્યાલ ઘણો જૂનો છે, અને ચરિત્રસાહિત્યમાં પણ અનેક સ્થળે તેનું સમર્થન થયેલું જોવા મળે છે. ગુજરાતના પ્રાથમિક શિક્ષકોની તાલીમના પુરસ્કર્તા મહીપતરામે એમની કેળવણીની પરિભાષામાં આ જ ધ્યેયનું સમર્થન કરતાં દર્શાવ્યું છે કે "અનેક તરેહની મદદથી બુધ્ધિને એટલે મનની સર્વ શક્તિઓને ખુલ્લી કરી વિસ્તાર પમાડી મોટી કરવી તેનું નામ કેળવણી."[૨૨] આમ, તેઓ કેળવણીની વ્યાખ્યા માનસિક ઘડતરના ધ્યેયને કેન્દ્રમાં રાખીને જ કરે છે. મહીપતરામ માનસિક વિકાસના આ એક જ ધ્યેયને કેન્દ્રમાં રાખી કેળવણીનું લક્ષણ બાંધે છે, એ હકીકત એમની દૃષ્ટિએ માનસિક ઘડતરનું મહત્ત્વ સૂચવે છે, માનસિક વિકાસમાં તેઓ મનની સર્વ શક્તિઓના વિકાસ-વિસ્તાર પર ભાર મૂકે છે એ ખૂબ સૂચક છે. એમાં બાળકોના મગજમાં માત્ર હકીકતો કે માહિતીનો ઢગ લગાવી તેની યાદશક્તિને જ કેળવવાના ઉપક્રમનો વિરોધ છે.

પ્રો. બળવંતરાય ક. ઠાકોર 'મિતાક્ષર નોંધ'માં કેળવણીના આ ધ્યેયને સ્હેજ જુદી રીતે પુરસ્કૃત કરે છે. શિક્ષણસંસ્થાઓની પ્રધાન ઉદ્દેશ શો હોવો જોઇએ તેનો નિર્દેશ કરતાં તે જણાવે છે : "શારદામંદિરનો મુખ્ય ઉદ્દેશ ડગલેને પગલે બુધ્ધિના કોશો (સેલ્સ) સ્વચ્છ કરવાનો, બુધ્ધિબલને ખીલવવાનો, વધારવાનો છે, ચારિત્ર અને આદતો ઉપર બુધ્ધિપૂત દૃષ્ટિ નાખી નાખી દોષોને ધોઇ ધોઇ, ચારિત્રને ય ખીલવવા અને સુદૃઢ બનાવવાનો છે."[૨૩] પ્રો. ઠાકોરની દૃષ્ટિએ ચારિત્ર્યઘડતરના પાયામાં પણ માનસિક-બૌધ્ધિક વિકાસ રહેલો છે. આથી તેઓ માનસિક ઘડતરને

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

કેળવણીના પ્રધાન ઉદ્દેશનું સ્થાન આપે છે. ચરિતનાયક શ્રી ચીમનભાઈ પણ 'વિચારશક્તિની ખિલવણી'ને કેળવણીનું મહત્ત્વનું ધ્યેય ગણતા, એવું પ્રતિપાદન ચરિતલેખકે એમના જીવનચરિત્રમાં કરેલું છે.[૨૪]

સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીના ચરિત્રગ્રંથના અગ્રલેખમાં સર મનુભાઈ દિવાન પણ કેળવણીને સ્વયંશિક્ષણની એક અવિરત પ્રક્રિયા તરીકે ઘટાવતાં એનું મુખ્ય ધ્યેય માનસિક વિકાસનું છે, એવું પ્રતિપાદન કરતાં આમ જણાવે છે: "વૈકુંઠવાસી વિઠ્ઠલદાસના જીવન ઉપરથી સાફ વ્યક્ત થાય છે કે સમાજજીવનની પાદપૂર્તિ માત્ર વિશ્વવિદ્યાલય અને પાઠશાળાના અભ્યાસથી જ થતી નથી. સર વિઠ્ઠલદાસ ચાલુ સૈકાથી શરૂઆતમાં મુંબઈના અગ્રેસર સમાજનેતાઓના નભમંડળમાં એક ઝળકતા અને તેજસ્વી તારા ગણાતા હતા. બાળપણમાં તેમના મનોવિકાસ માટે ઉપયોગી વિવિધ પ્રકારની સાધનાના અભાવે પણ પુખ્ત વય પ્રાપ્ત થતાં તેઓ સિદ્ધ-પુરૂષની ગણનામાં આવ્યા હતા. તેમની માનસિક ઉન્નતિના કારીગર તેઓ પોતે જ બન્યા હતા. પંડિત પ્રોફેસરોના પગ પાસે બેસી તેમના વિદ્વત્તાભર્યા વ્યાખ્યાનો સાંભળ્યા વિના પણ ઉચ્ચ અને ઉદાત્ત વિચારોથી તેમનો મનોભંડાર સજ્જ થયો હતો. પાઠશાળાની પરીક્ષા રૂપે સરાણે ચઢાવ્યા વિના પણ તેમની બુદ્ધિ તીવ્ર બનવા પામી હતી."[૨૫]

સર વિઠ્ઠલદાસની સફળતા તેમના સ્વયંસાધ્ય મનોવિકાસને આભારી હતી એવું સ્પષ્ટપણે આમાંથી ફલિત થાય છે. આ ઉપરાંત આમાંથી પાઠશાળાના શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ મનોવિકાસનો - બુદ્ધિશક્તિની ખિલવણીનો છે, એવો સૂર પણ ઊઠે છે.

કેળવણીના એક માત્ર નહીં, પરંતુ એક ધ્યેય તરીકે માનસિકવિકાસના ધ્યેયને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, શારદાબહેન મહેતા વગેરેની આત્મકથાઓ અને ત્રિભુવનદાસ ગજ્જર, પ્રાણલાલ દેસાઈ, સાધુચરિત ત્રિવેદી સાહેબ, રવિશંકર મહારાજ, અંબુભાઈ પુરાણી વગેરેનાં જીવનચરિત્રોમાંથી પણ સમર્થન મળે છે.

બ્રિટિશ કાલમાં શિક્ષકોના માનસ પર માનસિક વિકાસના ધ્યેયની કેવી જબરજસ્ત પકડ હતી તેનું પ્રમાણ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં શ્રી પ્રાણલાલ કીરપારામ દેસાઈએ તાલીમાર્થીઓને સંબોધીને આપેલા એક વ્યાખ્યાનમાંથી મળે છે :

"પ્રાથમિક શાળાના દરેક શિક્ષકને પ્રાથમિક શિક્ષણના કાર્યપ્રદેશની મર્યાદાનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઇએ. બાળકના મગજમાં તેના ગજા ઉપરાંતનું જ્ઞાન ઠાંસી ઠાંસીને ભરવું એ પ્રાથમિક શિક્ષણનો હેતુ નથી. તમારામાંથી ઘણા-ખરાના મનમાં તમારા વિદ્યાર્થીઓને પંડિત બનાવી દેવાનો જે ખોટો ખ્યાલ છે તે બનતી ત્વરાએ દૂર કરવો જોઇએ.........પ્રાથમિક શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ બાળકોની ઈંદ્રિઓની ખીલવણી અને ક્રમે ક્રમે તેમની શારીરિક અને માનસિક શકિતઓનો વિકાસ કરવો એ છે. તેથી કુદરતનું અવલોકન, હસ્તકામ, ડ્રીલ અને રમતગમત એ વિષયો ઉપર પ્રાથમિક શાળાઓમાં ખાસ લક્ષ અપાવવું જોઇએ, પરંતુ આપણી શાળાઓમાં આ અગત્યના વિષયોને ગૌણ સ્થાન આપવામાં આવે છે. ઘણા શિક્ષકોને આ વિષયો પરત્વે અભાવ હોવાથી તેઓ તેમના તરફ તદ્દન બેદરકાર રહે છે. અમારા તરફથી શાળાઓમાં સરકયુલરો કરી આ વિષયોને શાળાઓના ટાઇમટેબલમાં ખાસ સ્થાન આપવામાં આવે છે. પરંતુ જૂની ઘરેડોમાં ટેવાઇ ગએલા શિક્ષકો સરકયુલરો અને ટાઇમટેબલોનો અનાદર કરી આ વિષયોને માટે નકકી કરેલો સમય પણ ગણિત, આંક કે એવા બીજા વિષયો શીખવવામાં ગાળે છે. ઘોડાને આપણે બહુ બહુ તો પાણીની પાસે લઇ જઇ શકીએ પણ તેની ઇચ્છા વિરુદ્ધ તેને પાણી પાઇ શકતા નથી."[૨૬]

આમ, બ્રિટિશ યુગમાં માનસિક વિકાસનું ધ્યેય એ કેળવણીનું એક મુખ્ય ધ્યેય ગણાતું. ઘણાની દૃષ્ટિએ તો એ કેળવણીનું મહત્ત્વનું જ નહીં, પરંતુ એક માત્ર ધ્યેય હતું.

(૨) <u>સર્વાંગીણ વિકાસનું ધ્યેય</u> :- બ્રિટિશ કેળવણીની એક મોટી ઊણપ તે એમાં માનસિક ઘડતરના ધ્યેયને મળેલું વધુ પડતું પ્રભુત્વ ગણાય. જોકે 'કરોડો ભારતીયો અને શાસકો વચ્ચે મધ્યસ્થી કરી શકે, એવો કારકુનોનો - અમલદારોનો એક વર્ગ ઊભો કરવાનું' બ્રિટિશ શાસકોનું મર્યાદિત લક્ષ્ય જોતાં આમ બનવું ઘણુંજ સ્વાભાવિક હતું. બ્રિટિશ શાસકોનું આ સંકુચિત લક્ષ્ય સમજાતાં, કેળવણીમાં શારીરિક વિકાસને

M. S. UNIVERSITY OF BARODA



પણ મહત્ત્વનું સ્થાન અપાવું જોઇએ એવો વિચાર-પ્રવાહ વહેતો થયો, અને વિચારકો શારીરિક વિકાસને પણ કેળવણીનો એક ભાગ ગણવા લાગ્યા.

ચરિતનાયક ઝંડુ ભટ્ટજીએ તેમની સૂચિત રસશાળાની યોજનામાં વિદ્યાભ્યાસને વૃદ્ધિ -વિકાસની પ્રક્રિયા ગણાવી આવી વૃદ્ધિના બે પ્રકાર દર્શાવ્યા છે, તેની નોંધ આગળ લેવાઇ ગઇ છે. એમાં ભટ્ટજીએ શારીરિક કેળવણીને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. ભટ્ટજી નોંધે છે :

"કસરત બે પ્રકારની છે, એક શરીરની અને બીજી મનની.

"શરીરની કસરત જે કરાવવી, તેને વાસ્તે એવી યુક્તિ ગોઠવવી જોઇએ કે, તે કસરતથી કેટલુંક વ્યાવહારિક કામ થાય ને શરીરના અવયવો મજબૂત થાય જેથી શરીર તંદુરસ્ત રહે, ને ખરા વખતમાં ઉપયોગી થાય......"[૨૭]

આમ, ભટ્ટજીએ તેમની રસશાળાની સૂચિત શિક્ષણ-યોજનામાં શારીરિક વિકાસના ધ્યેયને પ્રથમ સ્થાન આપ્યું છે. ભટ્ટજી શારીરિક વિકાસના ધ્યેયની પરિપૂર્તિ વ્યાવહારિક કામો દ્વારા થાય એવો મત રજૂ કરે છે.

માનસિક અને શારીરિક વિકાસ એકબીજા સાથે સંકળાયેલા છે, તેથી નર્મદ પણ 'કેળવણી વિષે' એ શીર્ષક હેઠળ ઇ.સ. ૧૮૬૯માં લખાયેલા કેળવણીના ઉદ્દેશોની સમીક્ષા કરતા એક લેખમાં નોંધે છે કે - "શરીરનો ને મનનો પરસ્પર સંબંધ છે, પણ તે આવી રીતે જોવામાં આવે છે કે શરીર નીરોગી ને કૌવતવાળું હોય તો મન સારી કેળવણી લઇ શકે છે ને પાછું વ્યવહારમાં શરીર દ્વારે કામ કરી બતાવે છે. શરીર રોગી હોય તો મન તેટલું કેળવાઇ શકતું નથી. . . . . . . . . . . અર્થાત્ નિયમિત ખાવુંપીવું,ખુલ્લી હવામાં રહેવું, ફરવું, માફક આવે તેટલી ને તેવી તાલીમની કસરત કરવી, ચાલવું, ઘોડા પર સ્વારી કરવી, શિકાર કરવા, રમવું વગેરે ઉપાયોથી શરીરને નીરોગી તથા કૌવતવાળું રાખવાનો અભ્યાસ રાખવો જરૂરી છે કે જેથી મનને કેળવવું સહેલું પડે ને સારું કેળવાય."[૨૮]

આમ, માનસિક વિકાસના ધ્યેય સાથે શારીરિક વિકાસના ધ્યેયનું મહત્ત્વ/ઉપયોગિતા સ્વયંસિદ્ધ અને નિર્વિવાદ છે. એટલે શારીરિક વિકાસના ઉદ્દેશને પણ મહાત્મા ગાંધી, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરેની આત્મકથાઓ અને રવિશંકર મહારાજ,

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

અંબુભાઈ પુરાણી, પ્રાણલાલ કીરપારામ દેસાઈ, પ્રા. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર વગેરેના ચરિતગ્રંથોમાં અનુમોદન પ્રાપ્ત થાય છે.

ટોલ્સ્ટોય આશ્રમમાં બાળકોને કેળવણી આપવા અંગેના પોતાના કર્તવ્યનો ઉલ્લેખ કરતાં ગાંધીજી પોતે ચાલુ કેળવણીની પદ્ધતિથી સંતુષ્ટ નહોતા, એમ જણાવી નોંધે છે કે "મેં હૃદયની કેળવણીને એટલે ચારિત્ર્ય ખીલવવાને હમેશાં પ્રથમ પદ આપ્યું છે. . . . . . . . . . ચારિત્ર્યને મેં તેમની કેળવણીના પાયારૂપે માન્યું. પાયો પાકો થાય તો બીજું બાળકો અવકાશ મળ્યે મદદ લઈને કે આપબળે મેળવી લે."[૨૯] અલબત્ત શિક્ષક તરીકેના પોતાના આફ્રિકાના અનુભવોના સંદર્ભમાં આ હકીકત નોંધે છે; પરંતુ ગુજરાતમાં પણ તેમનો આ વિચાર ઝીલાયો છે, અને વર્ધાશિક્ષણ યોજનામાં મહત્ત્વનું સ્થાન પામ્યો છે.

આમ, કેટલાક વિચારકો કેળવણીમાં શરીર, મન અને હૃદય એ ત્રણેના અર્થાત્ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને સ્થાન આપે છે. માનવીય વિકાસના આ ત્રણેય પાસાંને સમાવી લેતી કેળવણી જ સર્વાંગીણ વિકાસના ધ્યેયને પ્રાપ્ત કરી શકે એમ તેઓનું માનવું છે.

શ્રી અંબુભાઈ પુરાણીએ ચાલુ સદીના પ્રથમ દાયકામાં જે નવી પદ્ધતિની વ્યાયામ શાળાઓ શરૂ કરી તેની પાછળ પણ એમણે 'સર્વાંગીણ વિકાસ'ના ધ્યેયને જ કેન્દ્રમાં રાખ્યું હતું :

"એ વ્યાયામ શાળા જૂની વ્યાયામ શાળાઓની માફક કેવળ શરીરના વિકાસ પ્રત્યે જ લક્ષ આપનારી ન હતી, પણ જુદી જ જાતની હતી, અને એ વ્યાયામ શાળા ઉપર તેમજ તેમાં આવતા યુવકો ઉપર શ્રી અંબુભાઈના વ્યક્તિત્વની છાપ દેખાતી હતી. શરીર સાથે મન અને બુદ્ધિનો વિકાસ થવો જોઈએ અને તે દૃષ્ટિએ વ્યાયામ લેતા યુવકો સાચા દિલના, સેવાભાવી, ત્યાગી, બુદ્ધિવાન અને જ્ઞાનવાન થાય એ પ્રકારે વ્યાયામ શાળામાં ચાલતા અભ્યાસ અને કાર્યક્રમોની ગોઠવણ કરવામાં આવતી હતી, જેનો વિકાસ વ્યાયામ શાળાના હાલના સ્વરૂપમાં દેખાઈ આવે છે."[૩૦]

આ જ ગ્રંથમાં 'સર્વાંગીણ શિક્ષણશાસ્ત્રી'એ શીર્ષક હેઠળ પ્રસિદ્ધ થયેલા બીજા એક સ્મૃતિલેખમાં શ્રી છોટુભાઈ ભટ્ટ ઉપર્યુક્ત હકીકતનું સમર્થન કરતાં નોંધે છે કે -

"શરીર, પ્રાણ અને મન એ ત્રણેયની શકિતઓ મનુષ્યમાં વિકાસ પામવી જોઇએ, એ તેમને (અંબુભાઇને) સમજાયું. તે વખતની શાળા મહાશાળાઓ માત્ર મનની કેળવણી જ કંઇક અંશે આપતી એટલે આ અધૂરી કેળવણીમાં પૂર્ણતા લાવવા માટે તેમણે નૂતન દૃષ્ટિએ વ્યાયામ મંદિરની રચના કરી તેમાં સર્વાંગીણ કેળવણીનો સમન્વય કરી લીધો. સર્વાંગી પ્રગતિ કરવાનો તેમના અંતરાત્માનો આ નાદ તેમની સર્વ પ્રવૃત્તિમાં ઝળહળી રહયો. એ જ જયોતમાંથી અનેક જયોત પ્રગટી. ગુજરાતમાં વ્યાયામ મંદિરોની હારમાળા શરૂ થઇ."[35]

એક તરફ માત્ર માનસિક (અને તેમાંય યાદદાસ્તની ખિલવણી) વિકાસ પર ઝોકવાળી બ્રિટિશ પધ્ધતિની શાળા - મહાશાળાઓ અને બીજી તરફ માત્ર શરીર સમૃધ્ધિને જ લક્ષ્ય બનાવતા જૂની ઢબના અખાડાઓ- એ બન્નેની અપૂર્ણતા દૂર કરવાની ભાવનાથી પ્રેરાઇને અંબુભાઇએ 'પુરાણી ભાઇઓની વ્યાયામ શાળાઓ'ના નામે લોકપ્રિય બનેલી સર્વાંગીણ કેળવણી-સંસ્થાઓ ઊભી કરી. વ્યાયામશાળાનો કાર્યક્રમ જોતાં વિધાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટેની એના કાર્યકર્તાઓની ધગશ દેખાઇ આવે છે.

સર્વાંગીણ વિકાસના ધ્યેયને કેન્દ્રમાં રાખીને આપણે ત્યાં મોટા પાયા પર જે હિલચાલ શરૂ થઇ, તે વર્ધા શિક્ષણ-યોજના કે રાષ્ટ્રીય શિક્ષણ-પ્રથા તરીકે જાણીતી થઇ છે. વ્યાયામશાળાઓ અને રાષ્ટ્રીય શિક્ષણની યોજનામાં કેટલાંક સમાન તત્ત્વો નજરે પડે છે, કારણ કે બન્નેના કેન્દ્રમાં છે સર્વાંગીણ કેળવણીનો ઉદ્દેશ.

(૩) <u>ચારિત્ર્ય ઘડતરનું ધ્યેય</u> :- કેળવણીનું મુખ્ય ધ્યેય ચારિત્ર્યઘડતર હોવું જોઇએ એમ પ્રતિપાદિત કરતાં કેટલાંક પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. પરંતુ પસંદિત નમૂનામાં ચારિત્ર્યના અર્થની સ્પષ્ટતા કરતું કોઇ પ્રમાણ ઉપલબ્ધ થતું નથી. કંઇક અંશે ગાંધીજીએ પોતાની ચારિત્ર્ય અંગેની સંકલ્પના સ્પષ્ટ કરી છે ખરી. આમ છતાં ચારિત્ર્યઘડતરનું મહત્ત્વ, એના સંપાદનની રીત વગેરે જેવા પ્રશ્નો બ્રિટિશ યુગના ગુજરાતમાં ઠીક ઠીક વિચારાયા હોય એમ જણાય છે :

ડૉ. સુમંત મહેતા બ્રિટિશ કેળવણી ચારિત્ર્યઘડતરમાં નિષ્ફળ ગઇ છે, એમ દર્શાવી એનાં કારણો અને ઉપાયો સૂચવે છે :

"આપણી કોલેજનું શિક્ષણ બહુ જ ખરાબ છે, હોસ્ટેલ પદ્ધતિમાં ચારિત્ર્ય ઘડાતું નથી. યુવાનો સારા માણસોના સમાગમમાં આવતા નથી. યુરોપમાં તો

વિદ્વાન શિક્ષકો હોય છે. ત્યાંના સુપરિન્ટેન્ડેન્ટ આપણે ત્યાં હોય છે તેવા ઘેટાં હાંકનારા નથી હોતા. બીજું જયાં સુધી સ્ત્રીઓને શિક્ષણ આપીશું નહિ ત્યાં સુધી ચારિત્ર્યબળની વાતો નકામી છે, અને કેળવણી પણ સુધરવાની નથી, કારણ કે સ્વામી શ્રદ્ધાનંદ કહેતા હતા તે ખરું છે કે ગુરુકુળમાં ગમે તેવું શિક્ષણ આપો પણ અંતે ઘરમાં શિક્ષણ અને સંસ્કારો ખરાબ હોય તો છોકરાંઓ શી રીતે સુધરી શકે?"[32]

ડૉ. સુમંત મહેતા અહીં બ્રિટિશ શિક્ષણની ચારિત્ર્યઘડતર અંગેની નિષ્ફળતા દર્શાવી વિદ્યાર્થીઓને ચારિત્ર્યશીલ શિક્ષકોનો સમાગમ થવો જોઇએ એવી અપેક્ષા વ્યક્ત કરે છે. એ સાથે બાળક પર તેના કૌટુંબિક સંસ્કારોની ગાઢ અસર થતી હોવાથી સ્ત્રીઓના-બાળકોના પ્રથમ શિક્ષકના-શિક્ષણને વેગ આપવાની ઉચિત રીતે જ હિમાયત કરે છે.

'સત્યના પ્રયોગો'માં ગાંધીજી 'આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર્ય ઘડવું એવી ચારિત્ર્યઘડતરની વ્યાખ્યા કરી એનું મહત્ત્વ દર્શાવતાં લખે છે કે "વિદ્યાર્થીઓનાં શરીર અને મનને કેળવવા કરતાં આત્માને કેળવવામાં મને બહુ પરિશ્રમ પડયો......... આત્માની કેળવણી એક નોખો જ વિભાગ છે એમ મેં ટોલ્સ્ટોય આશ્રમનાં બાળકોને શીખવવા માંડયું તેની પૂર્વે જ જોઇ લીધું હતું. આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર ઘડવું, ઇશ્વરનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું. આ જ્ઞાન મેળવવામાં બાળકોને ઘણીજ મદદ જોઇએ, ને તેના વિનાનું બીજું જ્ઞાન વ્યર્થ છે, હાનિકારક પણ હોય એમ હું માનતો."[33]

શરીર, મન અને આત્માની કેળવણીમાં ગાંધીજીની દૃષ્ટિએ આત્માની કેળવણી ખૂબ જ મહત્ત્વની છે. આમ છતાં એ કેળવણી આપવાનું કામ ખૂબ કપરું છે. એમાં શિક્ષકે સતત સાવધ રહેવું જોઇએ- વિદ્યાર્થી માટે અનુકરણીય બની રહેવું જોઇએ- એવી રજૂઆત કરતાં ગાંધીજી આત્માની કેળવણી એટલે શું અને એ આપવાની રીત શી હોઇ શકે તેનો નિર્દેશ કરે છે :

"શરીરની કેળવણી શરીરની કસરતથી અપાય, બુદ્ધિની બુદ્ધિની કસરતથી, તેમ આત્માની આત્માની કસરતથી. આત્માની કસરત શિક્ષકના વર્તનથી જ પામી શકાય. એટલે યુવકોની હાજરી હોય કે ન હો, તેમ છતાં શિક્ષકે સાવધાન રહેવું જોઇએ. લંકામાં બેઠેલા શિક્ષક પોતાના વર્તનથી પોતાના શિષ્યોના આત્માને હલાવી શકે છે. હું જૂઠું બોલું ને મારા શિષ્યોને સાચા બનાવવા પ્રયત્ન કરું તે ફોગટ જાય. ડરપોક શિક્ષક શિષ્યોને વીરતા નહીં શીખવી શકે. વ્યભિચારી શિક્ષક શિષ્યોને સંયમ કેમ શીખવે ? મેં જોયું કે મારે મારી પાસે રહેલા યુવકો અને યુવતીઓની સમક્ષ પદાર્થ પાઠરૂપે થઇને રહેવું રહ્યું. મારે અર્થે નહીં તો તેમને અર્થે મારે સારા થવું ને રહેવું જોઇએ એમ હું સમજયો, ને ટોલ્સ્ટોય આશ્રમનો મારો ઘણો ખરો સંયમ આ યુવકો અને યુવતીઓને આભારી છે એમ કહેવાય."[34]

ચારિત્ર્યમાં ગાંધીજીને મન સત્ય, વીરતા, સંયમ વગેરે જેવા કેટલાક સદ્ગુણો અભિપ્રેત છે એમ જણાય છે. આ સંદર્ભમાં 'ચારિત્ર્ય' શબ્દનું આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવનું અર્થઘટન મૂલવવા જેવું છે. મુંબઇમાં ઇ.સ. ૧૯૩૪માં સ્થપાયેલી 'મોર્ડન સ્કૂલ'ના ઉદ્ઘાટન વખતે પ્રમુખપદેથી ઉદ્બોધન કરતાં આચાર્યશ્રી ધ્રુવે કહ્યું કે - "વળી એક પ્રશ્ન મોટો છે - અને તે એ કે તમારે ત્યાં જે છોકરા-છોકરીઓ આવશે તેમનું ચારિત્ર્ય કેવી રીતે ઘડવું . . . . . . . . . . . 'ચારિત્ર્ય'નો અર્થ માત્ર સ્ત્રીપુરુષોના વ્યવહારમાં પવિત્રતા એટલો જ થતો નથી..... તેમ ચારિત્ર્ય શબ્દનો એ પણ અર્થ નથી થતો કે ચારિત્ર્યવાન વિદ્યાર્થી માત્ર કલાસમાં કે પરીક્ષામાં 'કોપી' ન કરે. 'ચારિત્ર્ય' શબ્દનો અર્થ ઘણો વિપુલ છે. 'ચારિત્ર્ય' એટલે જીવનની ભાવનાઓ સિદ્ધ કરવાના સંકલ્પની દૃઢતા, સ્થિરતા, બળ. ચારિત્ર્ય એ અનેક સદ્ગુણોમાંનો એક સદ્ગુણ નથી, પણ સદ્ગુણી જીવનનો પાયો છે. આપણી સંકલ્પશક્તિ, જેમાંથી સર્વક્રિયા વા વર્તન ઉત્પન્ન થાય છે, તેનો એ ગુણ છે. . . . . . . "[35]

આમ, ગાંધીજી અને આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ 'ચારિત્ર્ય' શબ્દના

M. S. UNIVERSITY OF BARODA



અર્થઘટનમાં એકબીજાથી જુદા પડે છે. એકને મન એ સદ્ગુણ-સમુદાય છે, તો બીજાને મન એ સદ્ગુણનો ઉદ્ગમસ્રોત છે. પણ બન્ને એક બાબતમાં સંમત થાય છે કે ચારિત્ર્યઘડતર કેળવણીનો એક મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ. 'ચારિત્ર્ય' શબ્દના અર્થઘટન અંગે આવાં મતમતાંતરો પ્રવર્તતાં હોવા છતાં ચારિત્ર્યઘડતર એ કેળવણીનું એક મહત્ત્વનું ધ્યેય છે, એવી વ્યાપક સંમતિ બ્રિટિશ-કાલીન ગુજરાતમાં પ્રવર્તતી હતી એમ નિઃશંકપણે કહી શકાય.

ચારિત્ર્યઘડતર માટે બાળકો તરફ પ્રેમભાવ આવશ્યક છે, એવું મંતવ્ય પ્રાણલાલ કીરપારામ દેસાઇએ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજના છાત્રોને ઉદ્દેશીને કરેલા એક ઉદ્બોધનમાં જોવા મળે છે :

> "ઉત્તમ શાળા તે જ કહેવાય જયાં બાળકોને અને શિક્ષકોને અરસપરસ પ્રેમ હોય છે. બાળકોને શિક્ષકો પ્રત્યે પ્રેમ હશે તો તેમને વિષય પર પ્રેમ થશે, જે શાળાઓમાં શિક્ષકોને બાળકો પ્રત્યે પ્રેમ નથી જયાં શિક્ષકો બાળકોને દુઃખ દેવામાંજ આનંદ માને છે તે શાળાઓમાં બાળકોના ચારિત્ર્ય પણ નહિ ઘડાય તેમ તેમનો માનસિક વિકાસ પણ નહિ થઇ શકે. બાળકોને વઢીને, મારીને અથવા તો વખતે અને કવખતે તેમને નીતિના કે ધર્મના બોધપાઠો આપ્યાથી બાળકોના ચારિત્ર્ય ઘડાશે, તેઓ નીતિમાન થશે. અને સુધરશે એવો તમારો ખ્યાલ હોય તો તે ખોટો ખ્યાલ છે. બાળકોને પ્રેમ, આનંદ અને સ્વતંત્રતાના વાતાવરણમાં ઉછરવા દો, આથી કરીને એમના શરીર તેમ મનનો વિકાસ થશે અને તેમનું ચારિત્ર્ય પણ ઘડાશે."[36]

આ સિવાય ચારિત્ર્યઘડતરના ધ્યેયનું સમર્થન કેળવણીકાર નાનાભાઇએ પોતાની આત્મકથા 'ઘડતર અને ચણતર' ભાગ ૧-૨માં કર્યું છે. પ્રો. બળવંતરાય ક. ઠાકોરે પણ 'પંચોતેર મે' માં એને મહત્ત્વ આપ્યું છે અને શ્રી અંબુભાઇ પુરાણીના ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથમાં પણ એને સમર્થન મળે છે.

(૪) <u>આજીવિકા પ્રાપ્તિનું ધ્યેય : કેળવણીનો ધંધાકીય હેતુ</u> :- બ્રિટિશ યુગ દરમ્યાન સામાન્ય લોકોની નજરે તો કેળવણીનો મુખ્ય હેતુ આજીવિકાની પ્રાપ્તિનો જ હતો એમ દર્શાવતાં વિપુલ પ્રમાણો ચરિત્રસાહિત્યમાં નોંધાયેલાં છે. માત્ર બ્રિટિશ કેળવણી

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

જ નહીં, ગામઠી/દેશી શિક્ષણ મેળવનારાઓનો પણ મુખ્યત્વે આ જ ઉદ્દેશ રહયો છે.

ગુજરાતની આધુનિક કેળવણીના પિતાનું સ્થાન પામેલા રણછોડદાસ ગીરધરભાઇના પ્રારંભિક શિક્ષણની વિગતો આપતાં લેખક નોંધે છે :

"હવે આપણે મુળ વિષય ઉપર આવીએ. રણછોડદાસનો વિધાભ્યાસનો આરંભ થયો ત્યારે કેળવણીનાં સાધન કયાં કયાં હતાં તે જણાવવું જોઇએ. વાણીઆના છોકરા આઠદસ વરસની ઉંમરે ગામઠી મહેતાજીની નિશાળે ભણવા બેસતા, ત્યાં બે ત્રણ ચાર વરસની મુદત સુધીમાં આંક, કક્કો, નામાં વગેરે શીખતા. ચાલતા કોષ્ટકોની ધાતો કે શીરીઓં મણીકાં લેખાં થોડાં ઘણાં આવડે. વાંચવાનાં પુસ્તકો તો હોય જ શાનાં(?). અશુધ્ધ લખતાં શીખે. એ રીતે કેટલોક વખત ગુમાવ્યા પછી પંદર સોળ વર્ષની ઉમ્મરે કોઇ શરાફ કે મારફતીયાની દુકાને દાખલ થાય. ત્યાં કેટલીક મુદત લગી ઉમેદવારીથી કામ કરે. નામું લખવાથી સમજ તથા તોલ બારદાન, વીઆજ ગણવાની રીત, વટાવ, મુદત કાપવાના હિસાબ વગેરેમાં માહિતી મેળવી હુંશીઆર થાય/તો તેની લાયકી મુજબ છ દશ કે બાર રૂપીઆનું વરસાન જારી થાય. બહુ કુશલતા પ્રાપ્ત થાય તો વીશેક વરસની ઉંમરે ગુમાસ્તો થાય. ચડતાં ચડતાં મુનીમ કે કોલીદાર થાય. નોકરી મેળવનારને વાસ્તે એ ઉપક્રમ હતો."[૩૭]

૪ ચરિતસાહિત્યમાં અન્યત્ર જે પ્રમાણો મળે છે તેના ઉપરથી એ સિદ્ધ થાય છે કે વાણિયાના બાળકો ઉપરાંત જે વૈશ્યેતર બાળકોને એમના વાલીઓ ધંધામાં દાખલ કરવા ઇચ્છતા હોય તેવાં બ્રાહ્મણાદિ બાળકો પણ ગામઠી શાળાઓમાં અભ્યાસ કરતાં. માત્ર વેપાર-ધંધામાં ઉપયોગી થાય એવાં કેટલાંક કૌશલ્યોની આસપાસ આ યોજના ફરતી હોઇ, લોકો એને 'વ્યવહારુ કેળવણી' કે 'વાણિયાઇ ભણતર' તરીકે ઓળખતા.[૩૮]

અંગ્રેજી શાસન દરમ્યાન 'કેળવણી એટલે આજીવિકા પ્રાપ્તિ' એવો ખ્યાલ લોકોમાં શી રીતે વિકસ્યો એનું અચ્છું નિદર્શન 'શ્રી પ્રાણલાલ કીરપારામ દેસાઇ - સન્માન ગ્રંથ' માં થયું છે :

"આજીવિકા પ્રાપ્ત કરવી એ કંઇ કેળવણીનો મુખ્ય ઉદ્દેશ છે જ નહિ અને

M. S. UNIVERSITY OF BARODA



હોવો જોઇએ પણ નહિ. આપણા દુર્ભાગ્યે આપણા દેશમાં લોર્ડ મેકોલેની વકીલાતથી પ્રાશ્ચાત્ય કેળવણી દાખલ થઇ. દેશમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત થઇ કે તરત જ રાજભાષા જે પહેલાં ફારસી હતી તેને બદલી નાખવામાં આવી ને તેને બદલે અંગ્રેજીને રાજભાષા બનાવવામાં આવી. પરિણામે અંગ્રેજી ભાષાનું જ્ઞાન ધરાવનારાઓના ભાવ એકદમ વધી ગયા. અને કેળવણી એટલે અંગ્રેજી ભાષાનું જ્ઞાન એવી ખોટી માન્યતા બધે ફેલાઇ ગઇ. અંગ્રેજી ભાષા જાણનારાઓ સહેલાઇથી રાજ્યમાં, વેપારીઓની પેઢીઓમાં અને બીજે ઠેકાણે મોટા મોટા પગારોની નોકરીઓ મેળવી શકયા તેમ વકીલાતના ધંધામાં ડૉકટરોના ધંધામાં તેમ બીજા ધંધાઓમાં અંગ્રેજી ભણેલાઓને પુષ્કળ દ્રવ્ય પ્રાપ્તિ થવા લાગી એટલે કેળવણી એટલે દ્રવ્ય પ્રાપ્તિ એવી ખોટી માન્યતા પણ બધે પ્રસરવા લાગી. જયાં સુધી અંગ્રેજી ભણનારાઓની સંખ્યા મર્યાદિત હતી અને અંગ્રેજી ભણેલાઓ સહેલાઇથી દ્રવ્ય પ્રાપ્ત કરી શકતા ત્યાં સુધી અત્યારની અંગ્રેજી કેળવણીનાં યશોગાન ગવાયાં. . . . . . . . . . . ."[૩૯]

અંગ્રેજી કેળવણી લેવા પાછળની લોકોનો મુખ્ય ઉદ્દેશ આમ સરકારી કે ખાનગી નોકરીઓ મેળવી આજીવિકા પ્રાપ્ત કરવાનું જ હતું. શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક તેમના દાદા ઝવેરીલાલ વિશે લખે છે કે "નવા જમાનામાં નવી કેળવણી લઇને જ કમાઇ શકાશે એવી પ્રતીતિ થતાં તેમણે અંગ્રેજી ભણવાનો ઉત્કટ નિર્ણય કર્યો. ત્રણ અંગ્રેજી ધોરણ નડિયાદની સરકારી શાળામાં પૂરાં કરીને તેમણે અમદાવાદ રહી મિશન સ્કૂલમાં સાત પૂરાં કર્યાં."[૪૦]

ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરનારને બ્રિટિશ સરકારમાં અને દેશી રાજ્યોમાં પણ ઊંચા હોદ્દા મળતા. અંગ્રેજી શિક્ષણ મેળવી ગુજરાત-કચ્છ અને કાઠિયાવાડનાં દેશી રાજ્યોમાં ઊંચા હોદ્દા પ્રાપ્ત કરનાર નડિયાદના દેસાઇ કુટુંબોના હરિદાસ, મનઃ સુખરામ, મણિભાઇ જશભાઇ અને મહુધાના રણછોડભાઇ ઉદયરામ વિશે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક જણાવે છે કે "આ ચાર તેજસ્વી કુમારોની ગોઠડી નડિયાદના દેસાઇ વગામાં રચાઇ તે જીવનભર કાયમ રહીને ગુજરાત કચ્છ કાઠિયાવાડમાં

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

નામાંકિત થઇ."[41]

ભોગીન્દ્રરાવ દીવેટીઆના જીવનચરિત્રના લેખક ચરિતનાયકના શિક્ષણ અંગેનું વર્ણન કરતાં એ જમાનાનું નોકરીકેન્દ્રી લોકમાનસ કેવું હતું તેનો ચિતાર આ રીતે આપે છે.:

"ગાંધીયુગના આગમન પહેલાં (લોકોનો) સરકારી નોકરી પ્રત્યેનો પ્રેમ આજ કરતાં વધુ પ્રબળ હતો. સરકારી નોકરી સ્વીકારવાથી ભવિષ્યમાં કંઇ પણ ચિંતાનું કારણ રહેતું નથી અને ચાલાક માણસ યોગ્ય સમયે ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કરી શકે છે માટે પોતાના પુત્રે (ચરિત્રનાયક શ્રી ભોગીન્દ્રરાવ કે જે બી.એ.માં નાપાસ થયેલા) આગળ અભ્યાસ ન વધારતાં વહેલી તકે સરકારી નોકરી લઇ લેવી એવો ભોગીન્દ્રરાવના વડિલ રતનલાલ દિવેટિઆનો આગ્રહ હતો. એક પિતા પોતાના પુત્ર માટે જેટલી મહેનત કરી શકે તેટલી મહેનત કરી તેમણે બી.એ.માં નિષ્ફળ નિવડેલા પોતાના પુત્ર માટે કાલોલના મામલતદારની કચેરીમાં નોકરી શોધી કાઢી."[42]

આમ શિક્ષણ પ્રાપ્ત કરવા પાછળનું મુખ્ય ધ્યેય લોકનજરમાં તો આજીવિકાની પ્રાપ્તિનું જ હતું. ઇ.સ.૧૯૨૦માં અરસામાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ સરકારી શાળા - મહાશાળાઓ છોડવાનો અને રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થાઓમાં દાખલ થઇ સેવાકાર્યમાં જોડાવાની લોકજુવાળ જોવા મળે છે ખરો. પરંતુ આ એક માત્ર ઉભરો જ હતો એમ ગણી શકાય. આજે ય શિક્ષણપ્રાપ્તિ પાછળનું મૂળ ધ્યેય તો આ જ રહ્યું છે, અને સામાન્ય લોકોની નજરે તો એ જ સાચું જણાય છે.

શ્રી રવિશંકર મહારાજ બ્રિટિશ કેળવણીના સંકુચિત ધ્યેયની ટીકા કરતાં કહે છે કે " આજે તો ચાર દીવાલની વચમાં બેસીને બાળક એવું ભણતર ભણે છે, જેને તેમના જીવન સાથે કંઇ સંબંધ નથી હોતો. ને આજે તો ભણતરનો ઉદ્દેશ પણ એક પૈસા કમાવા માટેની લાયકાત (પ્રાપ્ત કરવી) એટલો જ થઇ ગયો છે. આજે બધાને પૈસા જોઇએ છે. કોઇને સદ્‌ભાવ કેળવવો નથી."[43] કેળવણીને એક જીવનસાધના તરીકે ઘટાવનાર અને એના સામાજિક ધ્યેયને વધુ મહત્ત્વનું ગણનાર મહારાજશ્રીનો માત્ર આજીવિકાની પ્રાપ્તિ સામેનો વિરોધ અકારણ નથી જ.

'દલપતરામ'ના લેખક પણ આ પ્રકારના લોકમાનસનો વિરોધ કરતાં લખે છે કે "વિદ્યાવાળો જેમ કોઇ પણ ધંધામાં ફાવવાને પાત્ર થાય છે, તેમ વિદ્વાન જ સારો

M. S. UNIVERSITY OF BARODA



કવિ થઇ શકે છે. દિલગીરી માત્ર એટલી જ છે કે હાલનું વિદ્યાનું ધોરણ જાણે આજીવિકાને અર્થે જ હોય એવી લોકના મોટાભાગની સમજ થઇ છે."[૪૪]

ધંધાકીય કૌશલ્યોના વિકાસનું ધ્યેય આજીવિકાની પ્રાપ્તિ સાથે જ જોડાયેલું છે. ઓગણીસમી સદીના અંતીમ દાયકાઓમાં ધંધાકીય શિક્ષણ માટેની માગ વધતી ગઇ. વડોદરા નરેશ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડનો, ઇ.સ. ૧૮૮૯માં વડોદરા ખાતે હુન્નર ઉદ્યોગોની તાલીમ આપતા 'કલાભવન'ની સ્થાપના કરવા પાછળનો ઉદ્દેશ પણ "લોકો પોતાના ધંધામાં સુધારા કરી શકે તેમજ નવા ધંધા કરી શકે" એ હતો. આ અંગે બહાર પાડવામાં આવેલા હુકમમાં દર્શાવવામાં આવ્યું છે :

> "આ યોજનાનો હેતુ એ છે કે લોકો પોતાના ધંધામાં સુધારા કરી શકે તેમજ નવા ધંધા શરૂ કરી શકે. એને માટે એ નાનકડી શરૂઆત
> ૭ કરવી ઇચ્છનીય લાગે છે. અને એટલા માટે સંસ્થામાં ચિત્રકામ, બ્લિચિંગ, રંગાટકામ અને કેલિકો છાપકામનું સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી. શિક્ષણનો હેતુ કુશળ કારીગરો તૈયાર કરવાનો હોવો જોઇએ"[૪૫]

અંગ્રેજી કેળવણીનો ઉદ્દેશ 'આજીવિકાની પ્રાપ્તિ' છે એવી લોકસમજ જ ઘણી ભ્રામક હતી, એ વિચારકને શ્રી પ્રાણલાલ કીરપારામ દેસાઇ પુષ્ટિ આપે છે અને સર્વાંગીણ શક્તિઓના વિકાસનું, તેમજ ચારિત્ર્યઘડતરનું મહત્ત્વ આ રીતે દર્શાવે છે:

> "જ્યાં સુધી અંગ્રેજી ભણનારાઓની સંખ્યા મર્યાદિત હતી અને અંગ્રેજી ભણેલાઓ સહેલાઇથી દ્રવ્ય પ્રાપ્ત કરી શકતા ત્યાં સુધી અત્યારની અંગ્રેજી કેળવણીના યશોગાન ગવાયાં. પણ અંગ્રેજી ભણેલાઓની સંખ્યા તો દિન પ્રતિદિન પુષ્કળ વધવા લાગી અને પરિણામે બધા જ અંગ્રેજી ભણેલાઓ સહેલાઇથી ધંધો રોજગાર કે નોકરી મેળવી શકયા નહિ. એટલે લોકો કેળવણીને વગોવવા લાગ્યા. આપણે પહેલેથી જ કેળવણીનું મૂલ્ય આંકવાનું ધોરણ જ ખોટું રાખ્યું અને હવે અત્યારની કેળવણીને વગોવવી એ ખોટું કહેવાય. કેળવણીનો મુખ્ય ઉદ્દેશ તો મનુષ્યની શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કરવો એ છે. કેળવણીથી મનુષ્ય જેટલે અંશે શારીરિક

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



તંદુરસ્તી અને બળ પ્રાપ્ત કરી શકે છે, જેટલે અંશે તેની માનસિક શક્તિઓનો વિકાસ થાય છે અને તે સંસ્કારી બને છે. જેટલે અંશે તે સેવાભાવી, સત્યવાદી, ન્યાયી, નીડર, અને અહિંસક બને છે, અને જેટલે અંશે તે ધાર્મિક અને પ્રભુમય બને છે તેટલે અંશે તેને અપાયેલી કેળવણી સફળ કે નિષ્ફળ નીવડી છે એમ આપણે કહી શકીએ. આ જ ધોરણે આધુનિક કેળવણીની તુલના કરી તેને માટે જેટલો સારો કે ખરાબ અભિપ્રાય તમારે બાંધવો હોય તેટલો બાંધો. પરંતુ ભણેલો માણસ દ્રવ્ય પ્રાપ્ત કરી શકતો નથી એ ધોરણે તમે કેળવણી કે ભણતરનો ન્યાય ના કરો."[૪૬]

ગાંધીજીએ પણ કોઇ પણ પ્રકારના ઉદ્યોગને જ તેમની 'નયી તાલીમ'નું મુખ્ય વાહન માન્યું છે, એ પણ અત્રે નોંધનીય છે.

આમ છતાં કેળવણીના અન્ય સાંસ્કૃતિક ધ્યેયોના ભોગે ધંધાકીય ધ્યેયને પ્રભુત્વ આપવા સામે લાલબત્તી ધરનારો એક વિદ્વવર્ગ ગુજરાતમાં હતો. એ જમાનામાં નિમાયેલાં કેળવણી પંચોએ ધંધાદારી શિક્ષણની જે વધુ પડતી હિમાયત કરી તેના સંદર્ભમાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ બર્ટ્રાન્ડ રસલના શબ્દો ટાંકે છે :

"(કેળવણીએ) અમુક ધ્યેયને માટે જ યુવક યુવતિઓને કુશળ બનાવવાના નથી પણ જીવનના હેતુ શા હોવા જોઇએ એ વિચાર સમજવા માટે પણ એમને કેળવણી આપવી જોઇએ. વિદ્યાર્થી એક બાહોશ એન્જીનીયર થાય, કે રંગબેરંગી કાપડ વણતાં શીખે, કે સુન્દર ખાંડ બનાવી જાણે - તે પહેલાં એણે મનુષ્ય થવું જોઇએ."[૪૭]

ગમે તેમ પરંતુ બ્રિટિશ કેળવણીના પ્રારંભથી એક યા બીજી રીતે કેળવણી લોકોને મન 'આજીવિકા પ્રાપ્તિ'નું સાધન માત્ર રહી હતી.

૫) <u>કેટલાંક સામાજિક - સાંસ્કૃતિક ધ્યેય</u> : કેળવણીના કેટલાંક સાંસ્કૃતિક ધ્યેયોનાં પ્રતિબિંબ પણ ચરિત્રસાહિત્યમાંથી છૂટાછવાયાં ઉપસી આવે છે, એ બતાવે છે કે સાંસ્કૃતિક ધ્યેયોની દૃષ્ટિએ પણ બ્રિટિશ યુગમાં કેળવણીને વિચારનારો વર્ગ આપણે ત્યાં હતો અને બ્રિટિશ કેળવણીની કેટલીક ઉણપ તેને સાલતી હતી.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



(૧) શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઇએ એવું પ્રતિપાદન કરતાં ગાંધીજી નોંધે છે :

"પોલાક અને મારી વચ્ચે આ બાળકોની અંગ્રેજી કેળવણી વિષે કેટલીક વાર તીખો સંવાદ થયેલો. મેં અસલથી જ માનેલું છે કે, જે હિંદી માબાપો પોતાનાં બાળકોને બચપણથી જ અંગ્રેજી બોલતાં કરી મૂકે છે તેઓ તેમનો અને દેશનો દ્રોહ કરે છે. મેં એમ પણ માન્યું છે કે આથી બાળકો પોતાના દેશના ધાર્મિક અને સામાજિક વારસાથી વંચિત રહે છે, ને તેટલે અંશે દેશની તેમ જ જગતની સેવા કરવા ઓછા લાયક બને છે."[૪૮]

અહીં ગાંધીજીની દૃષ્ટિએ કેળવણીનો એક મહત્ત્વનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને પોતાના સામાજિક - સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરવાનો છે જે અંતતોગત્વા પોતાના સમાજ અને દેશની સેવા માટે બાળકોને - ભવિષ્યમાં - કટિબદ્ધ કરે.

ચાલુ સદીના પહેલા - બીજા દાયકામાં પુરાણી બંધુઓએ ગુજરાતમાં જે નવી ઢબના વ્યાયામ-મંદિરોનો પાયો નાખ્યો તેની પાછળ રાષ્ટ્રીય અસ્મિતાના પ્રગટીકરણનો અને દેશસેવાનો ઉદ્દેશ મુખ્ય હતો. એમ જણાવતાં શ્રી અદ્વૈતાનંદ જણાવે છે :

"ચાલુ સદીની શરૂઆતમાં ગુજરાતના નવયુવકોમાં વ્યાયામ પ્રવૃત્તિ દ્વારા દેહને સુદૃઢ બનાવી તેના સર્વાંગી વિકાસ માટે જે કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું તેના મુખ્ય સંચાલક શ્રી અંબુભાઇ હતા. આ વ્યવસાયનો ઉદ્દેશ કેવળ શારીરિક સામર્થ્ય પ્રાપ્ત કરવાનો નહોતો. તેની પાછળ રાજકીય ભાવના પણ હતી. દેશને સ્વતંત્ર બનાવી, તેનું પ્રાચીન ગૌરવ સંપાદન કરી, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં તેને પોતાનું યોગ્ય સ્થાન અપાવવાની ધગશ પણ હતી; તે સમયમાં આ ઉચ્ચ આદર્શથી પ્રેરાઇને, દેશ સેવાર્થે પોતાનું સર્વસ્વ અર્પણ કરવાનો નિશ્ચય કરીને ઘણા નવજુવાનો સ્વપ્રકૃતિ અનુસાર ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં કામે લાગી ગયા હતા. શ્રી અંબુભાઇ પણ આવા નરરત્નોમાં એક હતા."[૪૯]

'મારું જીવનવૃત્તાંત' (ભાગ પહેલો)માં શ્રી મોરારજી દેસાઇ રાષ્ટ્રીય કેળવણીના ઉદ્દેશોમાં જણાવે છે તેમ સમાજ - રાષ્ટ્રસેવાનો ઉદ્દેશ મુખ્ય હતો :

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

"વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કેળવણી લે અને કર્તવ્યનિષ્ઠ, સંસ્કારી, ચારિત્ર્યશીલ રાષ્ટ્રસેવકો બને એ ત્યાં (ગૂજરાત વિદ્યાપીઠ)ની કેળવણીનો હેતુ રહ્યો છે. આ ધ્યેયને એમાં મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ પોતાનું કામ પોતે જ કરી લે છે અને તેથી સ્વાશ્રય પણ કેળવાય છે. કોઇપણ જાતનાં ખોટાં આંદોલનોમાં એ સપડાતા નથી અને હંમેશાં કોઇને કોઇ ઉપયોગી પ્રવૃત્તિમાં રોકાયેલા જ રહે છે."[૫૦]


શ્રી ભોગીન્દ્રરાવ દિવેટિયા પણ માનતા કે 'બાળકોની યોગ્ય કેળવણી અને સંસ્કારો માટે પણ સર્વ પ્રયત્નો કરવા જોઇએ કે જેથી તેઓ ભવિષ્યમાં સુનાગરિક થાય.'[૫૧] પ્રો. બ. ક. ઠાકોર પણ તેમનો સંક્ષિપ્ત આત્મનોંધમાં 'જ્ઞાનના સેવાર્થે વિનિયોગ'ની હિમાયત કરે છે.[૫૨]

## ૪.૪ કેળવણીની યોજનાઓ :

ઉપર્યુકત વિભાગોમાં, અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં કેળવણીના અર્થ અને ઉદ્દેશો અંગે પ્રાદુર્ભૂત થયેલા અને ચરિત્રસાહિત્યમાં પ્રતિબિંબિત થયેલા વિચારોની સમીક્ષા કરવામાં આવી. પ્રસ્તુત વિભાગમાં કેળવણીની યોજના વિશે પ્રગટેલાં ચિંતનનું અવલોકન કરીશું.

અધ્યયત ચરિત્રસાહિત્યમાંથી બે ગુજરાતી શિક્ષણવિદોએ વિચારેલી કેળવણીની યોજનાઓ વિશેની માહિતી ઉપલબ્ધ થાય છે : (૧) સાક્ષર શ્રી નવલરામ લક્ષ્મીરામ પંડ્યા અને (૧૮૩૩-૧૮૮૬) (૨) પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર - (૧૮૬૩-૧૯૨૦) આ બન્ને શિક્ષણવિદોએ વિચારેલી શિક્ષણયોજનાઓની અત્રે મિનાક્ષરી સમીક્ષા કરીશું. એ યોજનાઓની સમીક્ષા કરતા પહેલાં પ્રત્યેક યોજનાના પુરસ્કર્તાનો સંક્ષિપ્ત પરિચય પણ મેળવી લઇશું.

(૧) <u>નવલરામે વિચારેલી શિક્ષણયોજના</u> : નવલરામે મેટ્રિકયુલેશન સુધીનું શિક્ષણ એમના વતન સુરતમાં પ્રાપ્ત કરેલું. અભ્યાસકાળ દરમ્યાન તે એક તેજસ્વી વિદ્યાર્થી રહ્યા હતા. એમણે ઇ.સ. ૧૮૫૪થી ઇ.સ. ૧૮૬૭ સુધી અંગ્રેજી શાળાના શિક્ષક તરીકે અને ઇ.સ. ૧૮૬૭થી નિધન પર્યંત શિક્ષકપ્રશિક્ષક તરીકે કામ કરેલું. આમ, એમણે આખું જીવન શિક્ષક તરીકે પસાર કરેલું. નવલરામ ગુજરાતના એક કુશળ પ્રશિક્ષક




## • નવલરામે કલ્પેલી ચતુર્વર્ણ શિક્ષણ વ્યવસ્થા •

સંદર્ભસ્રોત: સંપા: ડૉ. રમણલાલ જોષી: સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન. પૃ. ૮૫.

( Teacher Education ) હતા. ઇ.સ. ૧૮૭૦થી નવલરામે ગુજરાતના અગ્રિમ શિક્ષણસામયિક 'શાળા-પત્ર'નું તંત્રીપદ સંભાળેલું અને નિધન પર્યંત એ જવાબદારીનું વહન કરેલું. કેળવણી વિશેના પોતાના મૌલિક વિચારો એમણે 'શાળા-પત્ર' દ્વારા દીર્ઘકાલ સુધી ગુજરાતના શિક્ષણ જગતમાં વહેતા કરેલા. યાદ રાખવું ઘટે કે નવલરામ શિક્ષણચિંતક પણ હતા. અત્રે આકૃતિ ક્રમાંક-૪ માં દર્શાવવામાં આવેલી 'ચતુર્વર્ણ શિક્ષણવ્યવસ્થા-યોજના' એમના મૌલિક ચિંતનની ફલશ્રુતિ છે.

નવલરામને ચતુર્વર્ણ-શિક્ષણયોજના ઇ.સ. ૧૮૮૨માં પસાર થયેલા લોર્ડ રિપનના સ્થાનિક સ્વરાજ્યના કાયદા પરથી સ્ફુરેલી.[૫૩] સ્થાનિક સ્વરાજ્યમાં ગ્રામકક્ષાથી માંડી આખા દેશ- રાષ્ટ્રકક્ષા સુધી લોકસભાઓ ઉત્તરોત્તર વિકસતી જાય છે, એ રીતે વિદ્યાર્થી- પછી ભલે તે ગમે તે વર્ણમાં જન્મ્યો હોય- આકૃતિમાં દર્શાવેલી શૂદ્ર-શાળાથી પ્રારંભ કરી, એક પછી એક શાળામાંથી પસાર થઇ અન્તતોગત્વા બ્રહ્મત્વ પ્રાપ્ત કરે એવી શિક્ષણયોજના નવલરામના મનમાં રમતી હશે એમ લાગે છે. સામાન્ય શાળાઓમાં મળતા શિક્ષણને નવલરામ શૂદ્ર ધોરણનું શિક્ષણ ગણે છે અને એને વિદ્યાર્થીની કેળવણીનું આરંભબિંદુ માને છે. આ યોજના પાછળનું નવલરામનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ કરતાં ગોવર્ધનરામ નોંધે છે કે નવલરામની દૃષ્ટિએ "ચારે(ય) શાળાઓની જરૂર છે. ચારે(ય) વર્ણનાં બાળકોને એ પ્રત્યેક શાળામાંથી અનુક્રમે જ પસાર થઇ શકાશે, એટલે પ્રથમ શુદ્રતા, પછી વૈશ્યતા, પછી ક્ષાત્રિયત્વ અને છેવટે બ્રહ્મત્વ પ્રાપ્ત થાય છે. એ ઉપરથી જાતિનું અભિમાન લોકોમાં છે તે જતું રહેશે."[૫૪]

વિજયરાય વૈદ્ય નવલરામની શિક્ષણયોજનાને અક્ષરજ્ઞાનથી માંડી બુદ્ધિ, હૃદય અને આત્માના ઊંચામાં ઊંચા વિકાસ માટેની 'અભિનવ સંસ્કારવ્યવસ્થા' તરીકે ઘટાવે છે.[૫૫]

જન્મથી પ્રાપ્ત થતું શૂદ્રત્વ સંસ્કારો- કેળવણીથી દૂર કરી શકાય, એવી ઉદાત્ત ભાવનાને કેન્દ્રમાં રાખીને નવલરામે ઉપર્યુક્ત યોજના કંડારી હોય એમ લાગે છે. નવલરામ એમના યુગના એક જાણીતા સુધારક હતા. વળી તે એક કેળવણીકાર પણ હતા. કેળવણી દ્વારા સામાજિક પરિવર્તન લાવવા ઝંખતી એમની આ યોજના એમના યુગમાં ઘણી પ્રાગતિક લેખાય. નાતજાતની વાડાબંધી તોડી, ભેદભાવને પોષનારું 'ખોટું અભિમાન' વિદારી દેશનો 'સર્વાંગીણ ઉત્કર્ષ' સાધવાના ઇલાજ તરીકે એમણે

આ યોજના વિચારી હતી.[૫૬] કેળવણી દ્વારા એ સમૂળી ક્રાંતિ ઝંખતા હતા, એમ ઉપર્યુક્ત યોજના જોતાં સ્પષ્ટ થાય છે. સામાજિક ન્યાયની ભાવના એમાં કેન્દ્રસ્થાને રહેલી જોવા મળે છે.

ભેદભાવને પોષનારી અને માત્ર માનસિક વિકાસ પર ઝોક આપનારી તત્કાલીન બ્રિટિશ કેળવણીથી તેઓ સંતુષ્ટ નહોતા, એવો પરોક્ષ સંકેત એમાંથી પ્રાપ્ત થાય છે. આમ છતાં, નવલરામ પશ્ચિમની વિદ્યાને પણ એમની યોજનામાં સમાવિષ્ટ કરે છે. વ્યક્તિ અને રાષ્ટ્ર ઉભયના કલ્યાણ માટે પૂર્વપશ્ચિમની વિદ્યાકલાનો સુભગ સમન્વય નવલરામ એમણે ચિંતવેલી શિક્ષણયોજનામાં સાધે છે. અહીં એક સ્વસ્થ વિચારક તરીકેનો એમનો દૃષ્ટિકોણ જોવા મળે છે.

એમણે કલ્પેલી યોજનામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ભાષાઓને સ્થાન મળ્યું છે, સાક્ષરી અને વ્યવસાયી વિષયોનો સમાવેશ થયો છે, વિજ્ઞાન અને અધ્યાત્મ બન્નેનો સમન્વય સધાયો છે. વ્યક્તિ અને સમષ્ટિ ઉભયના કલ્યાણની દૃષ્ટિએ- સર્વાંગીણ વિકાસની દૃષ્ટિએ એ યોજના વિચારાઇ છે. એક દૃષ્ટિવંત શિક્ષણવિચારક તરીકે નવલરામ અહીં બહાર આવે છે.


ઉપર્યુક્ત યોજના પાછળની નવલરામની ભાવના વિશાળ છે, કલ્પન ભવ્ય છે, આશય આવકાર્ય છે, એમ છતાં એની કેટલીક મર્યાદાઓ પણ છતી થાય છે. સૌ પ્રથમ તો નવલરામ આ યોજનાનો પ્રારંભ વિદ્યાર્થીની કઇ ઉંમરથી થાય અને કઇ ઉંમરે એ પૂર્ણ થાય એનો નિર્દેશ કરતા નથી. બીજું, એમણે ચાર પ્રકારની શાળાઓમાં શીખવવાના વિષયો જ સૂચવ્યા છે. એનો વિગતવાર અભ્યાસક્રમ, શિક્ષણપદ્ધતિઓ વગેરે વિશે એ મૌન રહ્યા છે. એ બધું વિચારી શકાય એમ માની લઇએ તો પણ વૈયક્તિક ભેદોનો પ્રશ્ન તો ઊભો જ રહેવાનો. એ ભેદોને લક્ષમમાં લીધા સિવાય, ભણનારની આવશ્યકતાઓને ઉવેખીને એમના પર એક સરખો શિક્ષણક્રમ લાદવો શાસ્ત્રીય દૃષ્ટિએ વ્યાજબી નથી.

તત્કાલીન બ્રિટિશ શિક્ષણપ્રથા સામેનો નવલરામનો અસંતોષ સમજી શકાય છે, સામાજિક ઉચ્ચાવચ્ચતા સામેની એમની નાપસંદગી પણ વ્યાજબી છે, પરંતુ એમણે વિચારેલી શિક્ષણયોજનાની વ્યાવહારિકતા ઘણી થોડી છે, એમ પ્રતીત થયા સિવાય રહેતું નથી.

(૨) <u>પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરે વિચારેલી શિક્ષણયોજના</u> : જાણીતા રસાયણશાસ્ત્રી પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર એમના વિદ્યાભ્યાસ દરમ્યાન તેજસ્વી કારકિર્દી ધરાવતા હતા. રસાયણશાસ્ત્રના વિષય સાથે ઇ.સ. ૧૮૮૪માં એમણે મુંબઇ વિશ્વવિદ્યાલયની એમ.એ.ની પરીક્ષા પસાર કરી હતી. રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનું તેમનું જ્ઞાન તલસ્પર્શી હતું. ભારતના શિક્ષણ વિષયક પ્રશ્નોનો એમણે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો હતો. તે ફરજિયાત શિક્ષણના, સ્ત્રીકેળવણીના અને શાળા-કોલેજોમાં માતૃભાષાને બોધભાષા તરીકેનું સ્થાન પ્રાપ્ત થવું જોઇએ, એ વિચારના હિમાયતી હતા. એમના જીવનચરિત્રકારો નોંધે છે કે તે "સ્વભાવથી જ શિક્ષણશાસ્ત્રી હતા."[૫૭]

પ્રો. ગજ્જરનું મોટું પ્રદાન વ્યાવસાયિક-ધંધાદારી શિક્ષણને લગતું રહ્યું છે. પોતાના જ્ઞાનનો ઉપયોગ, ભારતમાં ધંધાઉદ્યોગોની ખિલવણી અર્થે કરવાની, તેમની પ્રબળ આકાંક્ષાનાં દર્શન એમની અંગત નોંધપોથીમાંથી પણ થાય છે.[૫૮] ધંધાકીય શિક્ષણને લગતી એમની સૂઝ, ધગશ વગેરે લક્ષમાં લઇને ઇ.સ. ૧૮૮૯માં સ્થપાયેલી ભારતમાં સર્વ પ્રથમ ગણાય એવી, વિવિધ હુન્નરઉદ્યોગોનું શિક્ષણ આપતી સંસ્થા (કલાભવન)નાં સુકાન મહારાજા સયાજીરાવે એમને સોંપેલાં અને અપૂર્વ ધૈર્ય, અદમ્ય ઉત્સાહ તેમજ સખત પરિશ્રમથી દેશભરના આ પ્રથમ પ્રયોગને તેમણે જ્વલંત સફળતા બક્ષેલી. આખા દેશના વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ, પ્રો.ગજ્જરના વખતમાં પણ લેતા થયેલા. પોતાના મૌલિક ચિંતન પરથી ભારતમાં વ્યાવસાયિક - ધંધાકીય શિક્ષણના વિકાસનો રાહ ચીંધતી શિક્ષણયોજના પ્રો. ગજ્જરે વિચારી કાઢેલી, જે આ સાથે રજૂ કરેલી આકૃતિ ક્રમાંક'૫' માં દર્શાવાઇ છે. મહારાજા સયાજીરાવે આ યોજના જોઇને કલાભવનની સ્થાપનાનો હુકમ કરેલો તે પરથી યોજના ઇ.સ. ૧૮૮૯-૯૦ના અરસામાં વિચારાઇ હોય એમ લાગે છે.

ઉપર્યુક્ત આકૃતિમાં દર્શાવાયેલી, પ્રો. ગજ્જરની શિક્ષણયોજના જોતાં જણાય છે કે તે નિમ્ન પ્રાથમિક સ્તરનું શિક્ષણ પૂરું થયા બાદ ધંધાદારી શિક્ષણનો પ્રારંભ થવો જોઇએ, એવા મતના હતા. ગજ્જર ચાર ધોરણ સુધીનું સામાન્ય શિક્ષણ બધાં જ બાળકો માટે ફરજિયાત અને મફત હોવું જોઇએ અને એને લગતું બધું જ ખર્ચ રાજ્યે ઉપાડવું જોઇએ, એમ પણ માનતા.[૫૯] પ્રાથમિક શાળાનાં ઉપલાં ધોરણોમાં સામાન્ય કેળવણી સાથે સમાંતર ધંધાદારી કેળવણીનો પણ પ્રબંધ થવો જોઇએ, એવો સૂર પણ




# •પ્રોફેસર ગજ્જરની શિક્ષણ યોજના•

ચાર્ટ નં. ૫

સંદર્ભ સ્રોત: ડૉ. અશ્વિન ત્રિવેદી, પ્રો. સાંકળચંદ શાહ અને ડૉ. રસિકલાલ શાહ: પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા. પૃ. ૩૨.

ઉક્ત યોજનામાંથી નીકળે છે. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી, જે વિદ્યાર્થીઓ સામાન્ય શાળાઓમાં અભ્યાસ કરવા ન ઇચ્છતા હોય તે આવી ધંધાદારી શાળાઓમાં દાખલ થાય અને બાકીના સામાન્ય શિક્ષણ જારી રાખે એવો પ્રબંધ આમાં સૂચવાયો છે. માધ્યમિક કક્ષાએ યોજનામાં ત્રણ પ્રકારના અભ્યાસક્રમો પૂરા પાડતી શાળાઓ સૂચવાઇ છે. પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી ધંધાકીય અભ્યાસક્રમો લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ ટેકનિકલ હાઇસ્કૂલોમાં જાય અને બીજા મોડર્ન અથવા કલાસિકલ હાઇસ્કૂલોમાં. પ્રો. ગજ્જરની યોજનામાંથી એ પણ સૂચિત થાય છે કે ઉચ્ચ ધંધાદારી અભ્યાસ કોલેજની પદવી માટેના અભ્યાસને સમાંતર હોવો જોઇએ, એવો એમનો અભિપ્રાય હતો.

પ્રો. ગજ્જર ધંધાકીય શિક્ષણ માતૃભાષામાં અપાવું જોઇએ, એવી વિચારસરણી ધરાવતા હતા, એ હકીકત પણ અત્રે નોંધવી ઘટે.[60] પરિણામે, વડોદરા રાજ્યની સહાયથી ધંધાકીય શિક્ષણ અંગેનો પારિભાષિક શબ્દકોશ રચવાના અને એમાં ઉપયોગી થાય એવું સાહિત્ય માતૃભાષામાં પ્રગટ કરવાના પ્રયત્નો એમણે હાથ ધરેલા.

પ્રો. ગજ્જરે એમની ઉપર્યુક્ત યોજના અભિપ્રાયાર્થે સર રેમન્ડ વેસ્ટને મોકલતાં એમણે એના વિશે બહુ ઉમદા અભિપ્રાય આપેલો :

> "તમારા (પ્રો. ગજ્જરના) બધા વિચારો સાથે હું સંમત નથી, પરંતુ આ વિષય ઉપર આવી કક્ષાનું પદ્ધતિસર લખાણ આજ સુધી મારા વાંચવામાં આવ્યું નથી. જો તમે સયાજીરાવ ગાયકવાડ પાસે તમારી યોજનાના સિદ્ધાંતો સ્વીકારાવશો અને આ યોજના અમલમાં મૂકવા માટે નિષ્ણાત અને વિશાળ હૃદયવાળા માણસોની પસંદગી કરવામાં આવશે તો તમે તમારા દેશબંધુઓ ઉપર મોટો ઉપકાર કર્યો લેખાશે, અને વડોદરા આખા દેશનું બૌદ્ધિક કેન્દ્ર બનશે."[61]

સર રેમન્ડ વેસ્ટના અભિપ્રાય પરથી, પ્રો. ગજ્જરની યોજના કેવી સુચિંતિત અને મહત્ત્વપૂર્ણ હતી, તે સ્પષ્ટ થાય છે. સરકારી અને રજવાડી નોકરીઓ માટેની ઘેલછાવાળા એ યુગમાં - જ્યારે ધંધાકીય શિક્ષણના મહત્ત્વનો વ્યાપક સ્વીકાર થયો નહોતો ત્યારે - ધંધાકીય શિક્ષણની શ્રેણીબદ્ધ સુચિંતિત યોજના કંડારવામાં પ્રો. ગજ્જરની દૂરંદેશીનાં દર્શન થાય છે. એનો જો વ્યાપક સ્વીકાર અને સહૃદય અમલ થયો હોત તો ગુજરાત-ભારત શિક્ષિત બેકારીનાં વિષયવર્તુળોમાંથી ઉગરી ગયું

હોત એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

### ૪.૫ સમાપન

અધ્યેતાએ મુકરર કરેલી કાલમર્યાદા (૧૮૨૦-૧૯૨૦) દરમ્યાન, પૂર્વે નોંધ્યુ છે તેમ ગુજરાતમાં સામાન્ય જનતાના શિક્ષણ માટે બે પ્રકારની શિક્ષણ સંસ્થાઓ અસ્તિત્વમાં હતી, (૧) દેશી કે ગામઠી નિશાળો અને (૨) બ્રિટિશ પધ્ધતિની નવી શિક્ષણસંસ્થાઓ. રજપૂત રાજાઓના રાજયકાલ દરમ્યાન દેશી શિક્ષણવ્યવસ્થા ખૂબ ફૂલીફાલી હતી. ખરું પૂછો તો એ એની જાહોજલાલીનો કાળ હતો. એ સમય દરમ્યાન કેળવણીની સંકલ્પના ઘણી વિશાળ હતી, અને એનો ઉદ્દેશ વિદ્યાર્થી - પ્રતિભાના સર્વદેશીય વિકાસનો હતો. કન્યાઓ સહિત, પ્રજાના ભિન્ન ભિન્ન વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓના સર્વાંગીણ ઘડતરનું કાર્ય આ દેશી શિક્ષણ વ્યવસ્થામાં થતું. મુસ્લિમશાસન દરમ્યાન સર્જાયેલી વિષમ પરિસ્થિતિને લીધે આ શિક્ષણપ્રથાની અવનતિ થઈ. અંગ્રેજી રાજય આવ્યુ ત્યારે તો આગળ જોયું તેમ એ કેળવણી હલકી થતાં એક ગાંધીના વ્યવહારમાં જ ઉપયોગી થઇ પડે એવી થઇ રહી હતી. હવે, આ કેળવણીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને લખતાંવાંચતાં અને નામું માંડતાં આવડે એ પૂરતો જ મર્યાદિત બની ગયો. તદનુસાર કેળવણીની સંકલ્પના પણ સકીર્ણ થઇ, લખવા-વાચવા અને ગણવામાં જ સીમાબધ્ધ થઇ ગઇ. નવલરામ કહે છે તેમ, બ્રિટિશ શાસનના પ્રારંભકાળે `આ કેળવણીનું એટલું બધું અધ:પતન થયું હતું કે તેને કેળવણી કહેવી એ જ વિપરીત ગણાય.

પ્રચલિત શિક્ષણવ્યવસ્થા આમ અતિશય સંકુચિત હોય અને તે પ્રજાના એક વિશિષ્ટ વર્ગની જરૂરિયાતો જ મુખ્યત્વે સંતોષતી હોય ત્યારે બ્રિટિશ પધ્ધતિની નવી નિશાળોની લોકપ્રિયતા અને વિસ્તાર વધે એ સ્વાભાવિક છે. આમ છતાં આગળ જોયું તેમ, બ્રિટિશ પધ્ધતિની કેળવણીનો પ્રારંભ પણ 'અંગ્રેજી અમલમાં સગવડિયાં સાધન બની રહે' એવો એક વર્ગ ઊભો કરવાના સંકુચિત હેતુથી જ થયો હતો. મુખ્યત્વે 'માનસિક વિકાસ'ના ધ્યેયને કેન્દ્રમાં રાખીને રચાયેલી બ્રિટિશ શિક્ષણવ્યવસ્થા, એ હેતુ બર લાવવામાં સફળ નીવડી, એનું એક કારણ એ હતું કે એ પ્રકારનું શિક્ષણ લેનારાઓને સરળતાથી સરકારી, રજવાડી અને ઇતર નોકરીઓ મળી રહેતી અને

તેઓ પૈસો અને પ્રતિષ્ઠા ઉભય પ્રાપ્ત કરી શકતા. જ્યાં સુધી આ પરિસ્થિતિ ટકી રહી ત્યાં સુધી નવી પદ્ધતિની શિક્ષણવ્યવસ્થાને સારો લોકાદર મળ્યો. પરંતુ જેમ જેમ તેનો વિસ્તાર વધતો ગયો તેમ તેમ તેના સ્વાર્થી અને સંકુચિત ઉદ્દેશો છતાં થવા લાગ્યા, તેનું પોત પ્રકાશવા લાગ્યું અને કેળવણીને તેના સાચા પરિમાણમાં મૂલવવાના પ્રયત્નો થવા લાગ્યા. બ્રિટિશ કેળવણીએ એક તરફ અંગ્રેજી અમલના સગવડિયા સાધન બની રહે એવો કારકુનો અને અમલદારોનો વર્ગ સર્જ્યો તો બીજી તરફ એણે પશ્ચિમના સાહિત્ય અને સંસ્કારની અસર હેઠળ આવેલો રાષ્ટ્રપ્રેમી વિચારકોનો એક વર્ગ પણ સર્જ્યો, જેણે કેળવણીને વિશાળ પરિમાણમાં મૂલવવાના પ્રયત્ન કર્યા. આ વિચારકોએ કેળવણી એટલે લેખન, વાંચન અને ગણન જ નહીં, પરંતુ સર્વાંગીણ વિકાસ, ચારિત્ર્યનું ઘડતર વગેરે જેવી વિચારસરણીને પુનર્જીવન બક્ષ્યું. અધ્યેયકાલ દરમ્યાન કેટલાક સમર્થ વિચારકોએ આ દેશકાળને અનુરૂપ બને તેવી યોજનાઓ પણ વિચારી અને કેટલાકે તો એમની યોજનાઓને કાર્યાન્વિત કરવાના પ્રયત્નો પણ કર્યા, પરંતુ નવી શિક્ષણપ્રથાએ પ્રજામાનસમાં એટલી બધી ઊંડી જડ ઘાલેલી હતી કે એવા પ્રારંભિક પ્રયત્નોને ઝાઝી સફળતા પ્રાપ્ત ન થઈ.

# સંદર્ભસૂચિ

૧. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : મહીપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા - પુષ્પ ૧૭૪મું, ૧૯૩૦, પૃ. ૮૫.

૨. લે. ઠાકોર, બલવંતરાય ક. : સંપા. કિશનસિંહ ચાવડા, 'મિતાક્ષર નોંધ' પંચોતેરમે, મુંબઈ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિટેડ, ૧૯૪૬, પૃ.૮૬.

૩. નિરંજન વર્મા, : જીવનશિલ્પીઓ, મુંબઈ, ભારતી સાહિત્ય સંઘ, ૧૯૪૩, પૃ.૧૮૭.

૪. સંપા. જન્મ દિવસ મહોત્સવ મંડળ : અનુ. પોટા, મનસુખલાલ મોહનલાલ : શ્રી સયાજી ગૌરવ ગ્રંથ, વડોદરા, જન્મ દિવસ મહોત્સવ મંડળ, વડોદરા, ૧૯૩૩, પૃ. ૭૯.

૫. અશ્વિન મા. ત્રિવેદી, સાંકળચંદ જે. શાહ અને રસિકલાલ કે. શાહ : પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા, વડોદરા, પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલય, ૧૯૬૦, પૃ. ૨૪-૨૫.

૬. સંપા. જન્મ દિવસ મહોત્સવ મંડળ : ઉપર્યુક્ત પૃ. ૭૯.

૭. ભટ્ટ, નાનાભાઈ કાલિદાસ : ઘડતર અને ચણતર, સણોસરા, મનુભાઈ પંચોળી, સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૪, પૃ. ૨૫૩.

૮. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઝંડુ ભટ્ટજી, મુંબઈ, શંકરપ્રસાદ ઝંડુ ભટ્ટ, ઝંડુ ફાર્મસી, ૧૯૨૦, પૃ. ૧૯૭-૯૮.

૯. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા ભાગ-૩ (કારાવાસ), નેનપુર, પ્રકાશક લેખક સ્વયં, ૧૯૫૫, પૃ. ૧૯૨.

૧૦. પુરાતન બુચ : રવિશંકર મહારાજ (કેટલાંક પ્રસંગચિત્રો) મોડાસા, શરદ કાર્યાલય, ૧૯૪૭, પૃ. ૯૪.

૧૧. એજન, પૃ. ૧૦૫-૧૦૬.

૧૨. ઠાકોર, બલવંતરાય કલ્યાણરાય : અંબાલાલભાઇ : એમના વિચાર મિનાર એમના આશયો મંતવ્યો અને વ્યવસાયો, અમદાવાદ, પ્રકાશક લેખક સ્વયં, ૧૯૨૮, પૃ. ૧૬.

૧૩. દવે, કાશીશંકર મૂળશંકર : દલપતરામ, વડોદરા, એમસી. કોઠારી, શ્રી સયાજી સાહિત્યમાળા : પુષ્પ ૬૨મું, ૧૯૨૧, પૃ.૭.

૧૪. લે. સુમંત મહેતા : સંપા. ભોગીલાલ ગાંધી : આત્મકથા, અમદાવાદ, મહાકવિશ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૧૯૭૧, પૃ.૨૪૯.

૧૫. પટેલ, રાવજીભાઇ, મોતીભાઇ : યુવકરત્ન, અમદાવાદ, સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, ૧૯૧૮, પૃ.૨૭.

૧૬. કનૈયાલાલ મુનશી : આત્મશિલ્પની કેળવણી, અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, વર્ષ અપ્રાપ્ય, પૃ. ૫.

૧૭. દેસાઇ, રમણલાલ વ. : ગઇકાલ , મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ. ૧૯૭.

૧૮. શારદાબહેન મહેતા : જીવન સંભારણાં, વડોદરા, પ્રકાશક લેખિકા સ્વયં, ૧૯૩૮, પૃ. ૩૩-૩૪.

૧૯. કનૈયાલાલ મુનશી : ઉપર્યુકત, પૃ.૧૭.

૨૦. લે. ધ્રુવ, આનંદશંકર બાપુભાઇ : સંપા. પાઠક રામનારાયણ વિ. અને જોષી, ઉમાશંકર જે. : દિગ્દર્શન, અમદાવાદ, ગુજરાત વર્નાકયુલર સોસાયટી, ૧૯૪૨, પૃ.૧૮૨-૮૩.

૨૧. સંપા. પ્રાણશંકર જોષી અને હરિપ્રસાદ દવે : શ્રી પ્રાણલાલ કીરપારામ દેસાઇ સન્માન ગ્રંથ, ગિરિજાશંકર, રામશંકર દવે, ચીતળ, ૧૯૪૮, પૃ. ૧૧૨.

૨૨. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુદ્ધૃત.

૨૩. ઠાકોર, બળવંતરાય ક. : ઉપર્યદ્ધૃત.

૨૪. નિરંજન વર્મા : ઉપર્યદ્ધૃત.

૨૫. જોષી, કલ્યાણરાય નથુભાઇ : સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી, મુંબઇ માધવજી દામોદર ઠાકરસી, ૧૯૩૨, પૃ. ૯-૧૦.

૨૬. પ્રાણશંકર જોષી અને હરિપ્રસાદ દવે : ઉપર્યુકત, પૃ.૩૫.

૨૭. શાસ્ત્રી, દુર્ગાશંકર કેવળરામ : ઉપર્યુક્ત, પૃ. ૧૯૮.

૨૮. સંયોજક : ભટ્ટ, વિશ્વનાથ મગનલાલ : નર્મદનું મંદિર (ગદ્ય વિભાગ), અમદાવાદ, ગુજરાત સાહિત્ય સભા, ૧૯૩૭, પૃ. ૪૦-૪૧.

૨૯. ગાંધી, મોહનદાસ કરમચંદ : સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૨૭, પૃ. ૩૩૯-૪૦.

૩૦. સંપા. કિશનસિંહ ચાવડા : શ્રી અંબુભાઇ પુરાણી (ષષ્ટિપૂર્તિ અભિનંદન ગ્રંથ), વડોદરા, શ્રી અંબુભાઇ ષષ્ટિપૂર્તિ સમારંભ સમિતિ, ૧૯૫૫, પૃ. ૧૧.

૩૧. એજન, પૃ. ૧૩૪-૩૫.

૩૨. સુમંત મહેતા : ઉપર્યુક્ત, પૃ. ૨૪૭.

૩૩. ગાંધી, મોહનદાસ કરમચંદ : ઉપર્યુક્ત, પૃ. ૨૪૪.

૩૪. એજન, પૃ. ૨૪૫.

૩૫. ધ્રુવ, આનંદશંકર બાપુભાઇ : ઉપર્યુક્ત, પૃ. ૧૯૧-૯૨.

૩૬. સંપા. પ્રાણશંકર જોષી અને હરિપ્રસાદ દવે : ઉપર્યુક્ત, પૃ.૩૯.

૩૭. સંપા. રામલાલ નવનીતલાલ : રણછોડદાસ ગીરધરભાઇનું જન્મચરિત્ર, અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સૂરત, પ્રકાશક લેખક સ્વયં, પ્રકાશન વર્ષ - અપ્રાપ્ય, પૃ.૧૩.

૩૮. સંપા. પરીખ, નરહરિ દ્વારકાદાસ : નવલગ્રંથાવલિ, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, વર્ષ - અપ્રાપ્ય, પૃ.૪૦૩-૪૦૪.

૩૯. સંપા. પ્રાણશંકર જોષી અને હરિપ્રસાદ દવે : ઉપર્યુક્ત, પૃ.૨૦૭.

૪૦. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત, પૃ. ૫૮.

૪૧. એજન, પૃ. ૬૨.

૪૨. તોલાટ, શાંતિલાલ ગુલાબદાસ : ભોગીન્દ્રરાવ દીવેટીઆ (જીવન, સમય અને સાહિત્ય), અમદાવાદ, દીવેટીઆ એન્ડ સન્સ, ૧૯૩૪, પૃ.૪૨-૪૩.

૪૩. પુરાતન બુચ : ઉપર્યુક્ત, પૃ.૯૧.

૪૪. દવે, કાશીશંકર મૂળશંકર : ઉપર્યુદ્ધૃત.

૪૫. અશ્વિન મા. ત્રિવેદી અને અન્ય : ઉપર્યુક્ત, પૃ. ૨૫.

૪૬. સંપા. પ્રાણશંકર જોષી અને હરિપ્રસાદ દવે: ઉપર્યુક્ત, પૃ. ૨૦૭-૨૦૮.

૪૭. લે. ધ્રુવ આનંદશંકર બાપુભાઈ : સંપા. રામનારાયણ વિ. પાઠક અને ઉમાશંકર જે. જોષી, ઉપર્યુકત., પૃ. ૧૮૫.

૪૮. ગાંધી, મોહનદાસ કરમચંદ : ઉપર્યુકત., પૃ. ૩૧૫-૧૬.

૪૯. લે. ઠાકોર, બળવંતરાય ક. : સંપા. કિશનસિંહ ચાવડા : ઉપર્યુકત., પૃ. ૧૭.

૫૦. મોરારજી દેસાઈ : મારું જીવનવૃત્તાંત, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૭૨, પૃ. ૨૬૫.

૫૧. નીલાટ શાંતિલાલ ગુલાબદાસ : ઉપર્યુકત., પૃ. ૬૯.

૫૨. લે. ઠાકોર, બળવંતરાય ક.: સંપા. કિશનસિંહ ચાવડા : ઉપર્યુકત., પૃ. ૯૦.

૫૩. વિજયરાય ક. વૈદ્ય : શુક્રતારક, અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૪૪, પૃ. ૧૭૭.

૫૪. સંપા.ડૉ. રમણલાલ જોષી : સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત અને કવિજીવન, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી, પ્રા. લિ., ૧૯૬૬, પૃ.૮૬.

૫૫. વિજયરાય ક. વૈદ્ય : ઉપર્યુકત., પૃ. ૧૩૯.

૫૬. એજન., પૃ. ૪૦.

૫૭. અશ્વિન મા. ત્રિવેદી અને અન્ય : ઉપર્યુકત., પૃ. ૫૯.

૫૮. એજન., પૃ. ૮૯.

૫૯. એજન., પૃ. ૬૦.

૬૦. એજન., પૃ. ૧૨.

૬૧. એજન., પૃ. ૧૦-૧૧.

○ ○ ○ ○ ○

"બાળકે કદીય હાથ ન અડાડયો હોય તેવી ચીજવસ્તુઓનાં અનંત
નામ, એ કદીય સમજી શકે નહીં અને જે એને માટે શબ્દમાત્ર
રહેવાનાં તેવાં વિગતવિધાન - આ બધાથી એનું મગજ ભરવું,
એ મારા મને, એના જઠરને લખોટીઓથી ભરવા બરાબર છે."

-- જે. એ. ફ્રોઇડ

○ ○ ○ ○ ○